વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૭મું
ઓક્ટોબર - ૨૦૨૨
અંક - ૫૩૩

મંગલ મંદિર ● ઓક્ટોબર-૨૦૨૨ ● ૧
(કુલ પાના : ૩૬)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

માસ્ક પહેરો ● હાથને વારંવાર સાફ કરો ● પરસ્પરનું અંતર જાળવો ● કોરોના વેક્સિન અભિયાનને સફળ બનાવો

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વિકાસના સોપાનની યશગાથા



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન પાલડી, અમદાવાદ.



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ શાહીબાગ, અમદાવાદ.



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા)
શ્રી કચ્છી જૈન સેવા ભવન
એસ.ટી. સ્ટેન્ડ પાસે, અમદાવાદ.



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
નવનીત મેડિકલ સન્ટર
બોપલ, અમદાવાદ

મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6001, 4890 6002, 4890 6003, 4890 6004
Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kutchijainahd.org





IAEC
education • migration

Top Universities Admissions
Best Scholarships
High Visa Success

Registered Australian Immigration Consultants

Official Representative of Leading Universities.

202, 2nd Floor, Yash Aqua, 120 Feet Ring Rd, Vijay Char Rasta
Above McDonald's, Navrangpura, Ahmedabad

079 2791 1113 | 079 4892 1113
+91 74348 88000

ahmedabad@iaec.com.au /IAECIndia iaec.com.au

Directors are from Kutchi Jain Samaj

છેલ્લા ૪૬ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**

**કાર્યકારી સહતંત્રી**

**મહેન્દ્ર સાકરચંદ દોશી**

**મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.* **– *મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ● સંસ્થા સમાચાર**


- શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ ઇતિહાસમાં વધુ એક સોનેરી પૃષ્ઠનો ઉમેરો સ્નેહ મિલન, સરસ્વતી સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ ..... ૪
- જાહેર આમંત્રણ : નૂતન વર્ષ મિલન સમારંભ ..... ૧૩
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સમિતિઓમાં સેવા આપવા બાબત ..... ૧૩
- સાંસ્કૃતિક સમિતિ ..... ૧૪
- સ્નેહ મિલન, સરસ્વતી સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમની તસવીરી ઝલક ..... ૧૫-૨૨
- મહિલા ઉત્કર્ષ સમિતિ ..... ૨૩
- મેરેજ બ્યુરો સમિતિ ..... ૨૩
- પુરસ્કાર સમિતિ ..... ૨૪

★

- આંજો કાગર ..... ૨૫
- ગ્રંથ સમીક્ષા : દખ્ખણનો દમદાર દેશ ..... **મહેન્દ્રભાઈ દોશી** ..... ૨૫

★

- કચ્છમાં જૈનોની નાની પંચતીર્થી : લેખાંક-૩ નાની ખાખર, બિદડા અને જૈન આશ્રમનાં જિનાલયો ..... **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૨૬
- જળોત્સવે સર્જ્યો લોકોત્સવ ..... **વનરાજસિંહ એચ. જાડેજા** ..... ૨૮
- ડરની બીમારી : ભાગ-૪ : સારવાર ..... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૩૦ **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
- તીર્થ દર્શન ..... **પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)** ..... ૩૧

★

- ***Nano Nine*** શબ્દ રમત-૧૮૭ ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૩૨
- ***Nano Nine Sudoku*** (ક્રમાંક-૧૧૪૫) ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૩૩
- લઘુકથા : જેવું વાવશો તેવું લણશો ..... **વિનોદભાઈ નિરંકારી** ..... ૩૪


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ઇતિહાસમાં એક વધુ સોનેરી પૃષ્ઠનો ઉમેરો...

**તત્કાલિન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને હાલે ભારતના પ્રેરક વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પરિકલ્પના કરાયેલ, તે અનુસાર આર્થિક વિકાસ, પ્રવાસન તથા નર્મદા જળ ક્ષેત્રના વિઝનથી આજે કચ્છ જિલ્લો આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત થયો છે ત્યારે...**

**મુખ્ય અતિથિ વિશેષ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્યના સાંનિધ્યમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે દબદબાભેર ઉજવ્યો...**

## સ્નેહ મિલન, સરસ્વતી સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો પ્રયાસ, સૌનો વિશ્વાસ"ના અદ્‌ભુત મંત્રને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેના પરિપ્રેક્ષ્યમાં ઉચિત કામગીરી કરીને હંમેશાં તે મંત્રને ઉજ્જ્વળ રાખ્યું છે.

*– મુખ્યમંત્રીશ્રી*

★

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંકલ્પ કર્યો હતો કે... કચ્છને સિંગાપોર જેવું બનાવવું અને તે જિલ્લાને વિકાસના પંથે આગળ ધપાવવું... તેઓશ્રીએ આ બાબત સાર્થક કરી બતાવેલ છે.

*– વિધાનસભા અધ્યક્ષ ડો. નીમાબેન આચાર્ય*

**કાર્યક્રમ દરમ્યાન સમાજના આધારસ્તંભ એવા પૂર્વપ્રમુખ ડો. ચંદ્રકાંત દેઢિયા, પૂર્વ પ્રમુખ શ્રી અશોક મહેતા તથા સમાજના હિતેચ્છુ ડૉ. બીના શાહ, MD, DABPN – Neurologist (USA)નું મુખ્યમંત્રીશ્રી દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું.**

**સાંસ્કૃતિક, યુવા વિકાસ તથા સરસ્વતી સન્માન સમિતિઓની સ્ટેજ પર અદ્વિતીય કામગીરી તથા ભવ્ય રજૂઆતથી પ્રેક્ષકો અનહદ પ્રભાવિત થયા.**

★

**સંબંધિત સમિતિઓના કન્વીનરશ્રીઓ તથા સભ્યોની શ્રેષ્ઠ કામગીરીની ફળશ્રુતિ...**

કાર્યક્રમના આરંભમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ તથા મેનેગિંજ ટ્રસ્ટી **શ્રી પ્રતાપ નારાણજી દંડ** દ્વારા મુખ્ય અતિથિ વિશેષશ્રી, અન્ય અતિથિ વિશેષશ્રીઓ, બહારગામથી પધારેલા તથા સ્થાનિકના દરેક મહાનુભાવશ્રીઓ તેમજ સમાજના દરેક પરિવારજનોનું હાર્દિક સ્વાગત કરીને આવકાર આપવામાં આવેલ. તેમણે વધુમાં જણાવ્યું કે, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામગૃહ, શાહીબાગ ખાતે વર્ષ ૨૦૦૧માં આ પ્રકારના એક સમારંભમાં તે વખતના

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અતિથિ વિશેષશ્રી તરીકે પધાર્યા હતા અને બરાબર વીસ વર્ષ બાદ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે આપણી વચ્ચે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની જેમ તેઓ પણ તે સ્થાને ભવિષ્યમાં પહોંચે તેવી આશા શ્રી પ્રતાપભાઈએ વ્યક્ત કરી હતી. જેને ઉપસ્થિત પરિવારજનોએ તાળીઓથી વધાવી હતી.

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા વિધાનસભા અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યનું સન્માન :

ત્યારબાદ સમાજ વતી **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**નું એક આકર્ષક મોમેન્ટો આપીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત કચ્છની દીકરી અને સમાજ પરિવારજનના સભ્ય સંગીત ગડાએ તૈયાર કરેલું શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું પોર્ટ્રેટ - તૈલચિત્ર પણ તેઓશ્રીને અર્પણ કરવામાં આવ્યું હતું. આ અવસરે શ્રી મહેન્દ્ર સાકરચંદ દોશી લિખિત તથા ગૂર્જર સાહિત્ય પ્રકાશન દ્વારા પ્રકાશિત ''કચ્છી બોલી-વિજ્ઞાન'' નામક એક પુસ્તિકાનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની આજ પર્યંતની પ્રવૃત્તિઓની એક ટૂંકી ફિલ્મ પણ ઉપસ્થિત પ્રેક્ષકગણને બતાવવામાં આવી હતી.

તે રીતે કચ્છના ધારાસભ્ય અને ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા અધ્યક્ષ **ડૉ. નીમાબેન આચાર્ય**ને પણ એક સ્મૃતિચિહ્ન અર્પણ કરીને તેઓશ્રીનું હાર્દિક અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમાજના ટ્રસ્ટી **શ્રી હસમુખભાઈ ગઢેચા**એ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓ વિશેની માહિતી જણાવેલ હતી. શરૂઆતમાં તેમણે કહ્યું, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સમાજના બોપલ ખાતેના મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન સમારંભમાં પધારવાના હતા પરંતુ તે વખતે કામકાજની અતિ ભારણ સ્થિતિને કારણે ઉપસ્થિત રહી શક્યા ન હતા. તેમણે કહ્યું, જ્યારે કોઈ કારણસર અમારા પ્રતિનિધિ મંડળે સચિવાલયમાં મુખ્યમંત્રીશ્રીની મુલાકાત લીધી હતી ત્યારે તેમણે સહજભાવે જણાવ્યું હતું કે, 'હું આપના સમાજ અને તેની સામાજિક પ્રવૃત્તિઓ વિશે જ્ઞાત છું... મારે શું કરવાનું – તે કહો.' ત્યારે આ પ્રસંગે પધારવાનું અમે તેઓશ્રીને હાર્દિક આમંત્રણ આપ્યું હતું અને તરત જ તેમણે તેનો સ્વીકાર કરીને અમને બધાને આનંદની અનુભૂતિ કરાવી હતી.

ત્યારબાદ શ્રી ગઢેચાએ સમાજના જ **નવનીત ફાઉન્ડેશન** અને **દીપ ઇન્ડસ્ટ્રીઝ** દાતા પરિવારોની વાત કરી હતી. તેમણે કહ્યું, આ પરિવારોને પરમાર્થનું વ્યસન છે. તેઓ હંમેશાં કહેતા હોય છે કે... 'આ પ્રોજેક્ટ થઈ ગયો, હવે બીજા પ્રોજેક્ટની વાત કરો અને એમાં અમારે શું આર્થિક સહયોગ આપવાનો છે તેની વાત કરો... અમે તૈયાર છીએ.' આવી છે દાતાશ્રીઓની ઉદારતા અને સમાજ પ્રત્યેની લાગણી.

શ્રી ગઢેચાએ અન્ય એક ઉદાહરણ આપતા કહ્યું કે એક એવો પરિવાર છે કે... તેઓ કચ્છી નથી અને જૈન પણ નથી. છતાં પણ આપણા સમાજમાં આર્થિક યોગદાન આપવા તૈયાર થયા છે. તેઓ **શ્રી જયેશભાઈ મજમુદાર પરિવાર**ની વાત કરી રહ્યા હતા. તેમનો પરિવાર સમાજની તબીબી ક્ષેત્રની તથા અન્ય સામાજિક પ્રવૃત્તિઓથી ખૂબ જ પ્રભાવિત થયો છે અને તે કારણે અમદાવાદના ચાંગોદર વિસ્તારમાં લોક સેવા અર્થે એક મેડિકલ સેન્ટરની રચના કરવા પોતાની માલિકીની વિશાળ જમીન આપવા તૈયાર થયા છે. એટલું જ નહીં, પરંતુ તે માટે જરૂરી એવા તમામ ફર્નીચર અને તબીબી સાધન-સામગ્રીઓ પણ તેઓ આપશે. તેવી ઉદારતા બતાવી છે. આ છે... **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સુવાસ અને પ્રતિષ્ઠા...**

વધુમાં શ્રી ગઢેચાએ જણાવ્યું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તબીબી ક્ષેત્રની વિસ્તૃતિકરણ નીતિથી તથા અમદાવાદ - ગાંધીનગર વિસ્તારમાં સામાજિક પ્રવૃત્તિઓથી છેલ્લા પાંચ દાયકા કરતાં વધુ સમયથી સમર્પિત રહીને એક અગ્રેસરની સંસ્થા તરીકેનું નામ હાંસલ કર્યું છે. તેમણે ભાવિ પ્રોજેક્ટ અંગે પ્રકાશ પાડતા જણાવ્યું કે, હવે સમાજે **કોમ્યુનિટી સેન્ટર, છાત્રો માટે છાત્રાલય અને સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર** ઊભા કરવા તરફ પોતાનું લક્ષ્ય કેન્દ્રિત કર્યું છે. અમને પૂરી શ્રદ્ધા અને વિશ્વાસ છે કે આ પ્રકારના પ્રોજેક્ટ માટે સરકારશ્રી તથા દાતાશ્રીઓ તરફથી સંપૂર્ણ સહકાર મળી રહેશે. ખાસ કરીને, આ બધી પ્રવૃત્તિઓ અમદાવાદમાં કોઈ એક જ સ્થળે કરી શકાય તે માટે સરકારશ્રી દ્વારા જરૂરી જમીન ફાળવવામાં આવે તેવી ભારપૂર્વક રજૂઆત તેમણે કરી હતી.

## સમાજની વિભૂતિઓનું વિશિષ્ટ સન્માન

ત્યારબાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના આધારસ્તંભ તથા સમાજના પૂર્વપ્રમુખ **ડૉ. ચંદ્રકાંત દેઢિયા**, સમાજના પૂર્વ પ્રમુખ **શ્રી અશોક મહેતા**, બંનેને સમાજમાં દીર્ઘકાળ પર્યંત પોતાની સેવા પ્રદાન કરવા માટે તથા સમાજના હિતેચ્છુ તથા ગીતા

મંદિર સ્થિત સેવા ભવનમાં ડાયાલિસિસ સેન્ટરની રચના કરવા આપેલ આર્થિક યોગદાન બદલ **ડૉ. બીના શાહ**, MD, DABPN – Neurologist (USA) નું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે સ્મૃતિ ચિહ્ન આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

## સમારંભના અતિથિ વિશેષશ્રીઓનું સન્માન

કાર્યક્રમ દરમ્યાન બિપીન કોર્પોરેશન - મુંબઇના **શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન**, વી-ટ્રાન્સના **શ્રી મહેન્દ્રભાઇ કુંવરજી શાહ**, નવનીત ફાઉન્ડેશનના **શ્રી રાજુભાઇ ગાલા** તથા **શ્રી સંદીપભાઇ ગાલા** તેમજ દીપ ઇન્ડસ્ટ્રીઝના **શ્રી પારસભાઇ સાવલા** તથા **શ્રી રૂપેશભાઇ સાવલા** અને કચ્છના નથી અને જૈન પણ નથી એવા દાનવીર શ્રી જયેશભાઈ મજમુદારનું પણ વિધાનસભાના અધ્યક્ષ **ડૉ. નીમાબેન આચાર્ય**ના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

## દાતાશ્રીઓનું સન્માન

સમારંભ દરમ્યાન ઉપર મુજબ સન્માન કરવાનું જાહેર થયું ત્યારે **નવનીત ફાઉન્ડેશન**ના શ્રી રાજુભાઈ ગાલાએ જણાવ્યું કે તેમના પરિવારના મોભી એવા એમના પિતા **શ્રી શાંતિભાઇ ગાલા** કાર્યક્રમમાં હાજર છે ત્યારે હું આ સન્માન કેવી રીતે સ્વીકારી શકું? એટલે પોતાના બદલે પિતાશ્રીનું સન્માન કરવાની શ્રી રાજુભાઈએ ઇચ્છા વ્યક્ત કરતાં નાદુરસ્ત તબિયતના કારણે સ્ટેજ પર જઇ શકે તેમ નહીં હોવાથી વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્ય જાતે સ્ટેજ પરથી નીચે ઉતર્યા હતા અને માર્મિક સંવાદ સાથે અને નમ્રતાપૂર્વક **શ્રી શાંતિભાઇ ગાલા**નું સન્માન કર્યું હતું.

તેવી જ રીતે **દીપ ઇન્ડસ્ટ્રીઝ**ના શ્રી પારસભાઈ સાવલાની ઈચ્છાનુસાર તેમના પિતા **શ્રી શાંતિભાઇ સાવલા** અને શ્રી જયેશભાઈ મજમુદારે પણ પ્રગટ કરેલ ઇચ્છા મુજબ તેમના પિતાશ્રીનું ઉચિત સન્માન વિધાનસભા અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યના હસ્તે કરવામાં આવ્યું હતું.

સન્માનના પ્રતિભાવ સ્વરૂપે નવનીત ફાઉન્ડેશનના **શ્રી રાજુભાઇ ગાલા**એ સંસ્થાનો આભાર માન્યો હતો. તેમણે વધુમાં કહ્યું, સંસ્થા તરફથી **તબીબી, શિક્ષણ તથા જીવદયા ક્ષેત્રે** નોંધપાત્ર કામગીરી થઈ રહી છે. સંસ્થાની સામાજિક પ્રવૃત્તિઓમાં સાથ-સહકાર આપવા તેમણે દાતાશ્રીઓને ખાસ અપીલ કરી હતી. સમાજ દ્વારા તાજેતરમાં બોપલ ખાતે મેડિકલ સેન્ટરમાં તથા ગીતા મંદિર ખાતે સેવા ભવનમાં ડાયાલિસિસ વિભાગ શરૂ કરવા બદલ આનંદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આવી સેવાકીય પ્રવૃત્તિઓ સંસ્થા દ્વારા સતત ચાલુ રહેવી જોઈએ. શ્રી રાજુભાઈ ગાલાએ કહ્યું કે, અમારા પરિવારના મોભીઓએ સામાજિક ક્ષેત્રના સેવા કાર્યમાં હંમેશાં તન-મન-ધનથી પોતાનું યોગદાન આપવાનું શીખવાડ્યું છે. નવનીત ફાઉન્ડેશન અને ગાલા પરિવાર દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી જીવદયા ક્ષેત્રે પાંજરાપોળની અનેક શાખાઓમાં આર્થિક સહયોગ પ્રદાન કરવામાં આવે છે, તેવી માહિતી પણ તેમણે આપી હતી. તેમણે ખાસ ઉલ્લેખ કર્યો હતો કે પાલડી ખાતેના ભવનની શરૂઆત માટે જે પ્રકારે નાના-મોટા દાનની રકમ એકત્ર કરવામાં આવી હતી, તેવી યોજના ફરીથી બનાવશો જેથી સમાજના દરેક પરિવારજનોને સમાજ માટે પ્રદાન કરેલ દાન બદલ ગૌરવ ઉપજે. આ એક ખૂબ જ ઉત્તમ પ્રકારનું કાર્ય થશે તેવી શ્રદ્ધા તેમણે વ્યક્ત કરી હતી.

તેવી રીતે **દીપ ઇન્ડસ્ટ્રીઝ**ના **શ્રી પારસભાઇ સાવલા**એ પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સમાજ અદાણી જુથ સાથે મળીને **નવા ત્રણ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, કોમ્યુનિટી સેન્ટર, છાત્રો માટે હોસ્ટેલ** વગેરે જેવા ડ્રીમ પ્રોજેક્ટ ઊભા કરવા માંગે છે, તે ખૂબ જ સારી વાત છે. તેનાથી સભ્યોને આર્થિક રીતે મોટો ફાયદો થશે. આ પ્રકારની કોઈપણ યોજના અંતર્ગત જે કાંઈ સાથ-સહકારની જરૂર પડે ત્યારે તેમનો પરિવાર હંમેશાં તૈયાર રહેશે, સમાજની સાથે રહેશે તેવી હૃદયપૂર્વકની લાગણી તેમણે વ્યક્ત કરી હતી. સરકારી અનેક સ્કૂલોને પોતાના પરિવારજનો દ્વારા અપાયેલ આર્થિક યોગદાનથી સ્માર્ટ સ્કૂલોમાં પરિવર્તિત કરવામાં આવી છે તેનો ખાસ ઉલ્લેખ કરતા કહ્યું હતું કે **નવી જનરેશનને આ પ્રકારની પ્રક્રિયાથી નવા વિચારો ઉદ્ભવશે અને અંતે સમાજ અને રાષ્ટ્રને ફાયદો થશે.**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે કોરોનાના કારણે છેલ્લા બે વર્ષના મધ્યાંતર બાદ રવિવાર, તા. ૧૮-૦૯-૨૦૨૨ના રોજ અમદાવાદના ટાગોર હોલ ખાતે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ગુજરાત વિધાનસભા અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યની ઉપસ્થિતિમાં પોતાની સંસ્થાનું વાર્ષિક સ્નેહમિલન યોજ્યું હતું. આ પ્રસંગે અમદાવાદ - ગાંધીનગર સ્થિત સમાજના બહોળી સંખ્યામાં પરિવારજનો સહિત બહારગામથી પધારેલા મહેમાનો સાથે સ્થાનિકના અનેક મહાનુભાવો પણ હાજર રહ્યા હતા.

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું પ્રેરક પ્રવચન :

આ પ્રસંગે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉત્સાહપ્રેરક પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, કોરોનાના કારણે સમાજનું વાર્ષિક સ્નેહમિલન બે વર્ષના વિરામ બાદ થયું છે ત્યારે સમારંભનો આનંદ સૌના ચહેરા પર આજે દેખાય છે. કોરોનાની મહામારીમાંથી પ્રજાજન બહાર આવેલ છે. તેનો શ્રેય તેમણે વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ને આપ્યો હતો. વિશ્વના અનેક દેશો તેની મુશ્કેલીમાં અટવાઈ ગયા હતા ત્યારે આપણા રાષ્ટ્રના વડાપ્રધાનશ્રીએ સર્વાંગી ઉત્તમ કામગીરી થકી પ્રજાને કોરોનાથી મુક્ત કરી છે. તેમણે રાષ્ટ્રના દરેક પ્રજાજન તથા અન્ય સામાજીક સંસ્થાઓને સાથે રાખીને ખૂબ જ ઉત્કૃષ્ટ કામ કર્યું છે. સમગ્ર રાષ્ટ્રની સેવા કરવી છે તેવો ઉચ્ચ અને શ્રેષ્ઠ વિચાર વડાપ્રધાનશ્રીએ શરૂઆતથી જ કર્યો છે અને તેને અનુલક્ષીને **એક પછી એક રાષ્ટ્ર ઉત્થાનના કાર્યો થઈ રહ્યા છે.** તેમણે કહ્યું, વિવિધ સંસ્થાઓ દ્વારા જે કંઈ સામાજીક કાર્યો થઈ રહ્યા છે તેમાં સાથે રહેવા સરકારને ક્યાંય તકલીફ નથી. આ પ્રકારની સેવા પ્રવૃત્તિ હંમેશાં સાર્થક થાય છે. તેનાથી ઈશ્વરની નજીક જઈ શકાય છે. **જૈન સમાજ ભગવાન સાથે જોડાયેલો છે અને મેં અનુભવ્યું છે ત્યાં સુધી જૈન સમાજને ગમે તેટલી તકલીફ હશે તો પણ કોઈ સ્થળે કોઈપણ પ્રકારની અયોગ્ય માંગણી કરતો નથી.** એટલું જ નહીં પરંતુ જૈન સમાજની જીવનશૈલી જ એવી રહી છે કે જેના થકી કોઈ માંગ કરવાનો અવસર આવતો નથી.

તેમણે વધુમાં કહ્યું કે હાલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશનું શ્રેષ્ઠ રીતે નેતૃત્વ કરી રહ્યા છે. **બે એન્જીન એટલે કે કેન્દ્ર અને રાજ્ય સરકારની કામગીરીથી અનેક ક્ષેત્રે વિકાસ હાંસલ કર્યો છે.** વડાપ્રધાનશ્રીના સૂત્ર તરફ ધ્યાન આકર્ષિત કરતાં તેમણે જણાવ્યું, **સૌનો સાથ - સૌનો વિકાસ અને સૌનો પ્રયાસ - સૌનો વિશ્વાસ. આવા વિચાર અને તેને અનુલક્ષીને થતા પ્રયાસો એકબીજાના પર્યાય બન્યા છે.**

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, જૈન સમાજ પોતાની વિવિધ યોજનાઓ અંતર્ગત ખૂબ જ સારા કાર્ય કરી રહ્યું છે. સમાજના વિકાસ અર્થે સરકારને સાથે રહેવા કોઈ તકલીફ નથી. **સેવા પ્રવૃત્તિ ક્યાં કરવી, શું કરવી એવા કોઈ પ્રશ્નો ઉદ્ભવતા નથી. અગર જેને સેવાકીય કાર્યો કરવા છે, તે ગમે તે રીતે કરે જ છે.** આ સમાજના એવા પરિવારો છે, અગર વૃક્ષ ઉપરથી પક્ષીના ઈંડા નીચે પડી ગયા હશે તો તરત તેને ઉપાડી, સાચવીને મોટા કરશે, તેની યોગ્ય માવજત કરશે અને જ્યારે બરાબર થશે ત્યારે તેને છૂટું મૂકી દેશે. **અબોલ પશુ-પક્ષીની તેઓ દરેક પ્રકારની સેવાઓ કરતાં હોય છે.** પશુ-પક્ષીને દૂર મૂકી દીધા બાદ તેઓ પણ જીવદયા પ્રેમીઓ પાસે ગમે તે રીતે પરત આવી જતા હોય છે. તેમણે કહ્યું, આજે ૧૩૦ કરોડવાળી વસ્તીનો દેશ પ્રગતિના માર્ગે આગળ વધી રહ્યો છે. નાના બાળકો પણ સમજદાર થયા છે અને પરિવારના વડીલોને માર્ગદર્શન આપતા થયા છે.

કચ્છના વિકાસ તરફ તેમણે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ ખૂબ સંઘર્ષ બાદ **નર્મદાના નીર કચ્છ સુધી પહોંચાડ્યા છે.** ભૂકંપની સ્થિતિ સંબંધી રૂા. ૩૭૫ કરોડના ખર્ચે ત્યાં એક **સ્મૃતિ વન** ઊભું કર્યું છે, **મ્યુઝિયમ**ની પણ રચના કરી છે. ૨૦૦૧ના ભૂકંપના કારણે મૃત્યુ પામેલાની સ્મૃતિની અને મ્યુઝિયમની મુલાકાત એક અનેરો પ્રસંગ બની જશે. વિશ્વની સરખામણીમાં આ બધું ખૂબ જ અદ્ભુત છે. તે ઉપરાંત ત્યાં **૩૦ હજાર મેગાવોટનો હાઇબ્રિડ રિન્યુઅલ પ્રોજેક્ટ** પણ આકાર લઈ રહ્યો છે. જે સમગ્ર દેશમાં પ્રથમ હશે. આ રીતે જોઈએ તો કચ્છ જિલ્લાનો અનેક ક્ષેત્રે વિકાસ થઈ રહ્યો છે.

**રોજગારીને પ્રોત્સાહન આપવા અને આત્મનિર્ભર ભારતના સૂત્રને ચરિતાર્થ કરવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ નવા ત્રણ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરો ઊભા કરવા જઈ રહ્યા છે. તે કામગીરીને આવકાર આપીને તેઓશ્રીએ ખાસ બિરદાવી હતી.**

## ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યનું પ્રવચન :

ગુજરાત રાજ્યની **વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્ય**એ આ સમારંભમાં પોતાની ઉપસ્થિતિ બદલ ખુશી વ્યક્ત કરી હતી. તેમણે પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નવા ડ્રીમ પ્રોજેક્ટ્સને આવકાર આપીને જણાવ્યું કે તેના થકી રોજગારી ક્ષેત્રે સારું કાર્ય થશે. સ્કીલ ડેવલપમેન્ટના સેન્ટરોથી મહિલાઓ અને અન્ય પરિવારજનોને ખૂબ ફાયદો થશે. તેઓશ્રીએ પણ કચ્છ જિલ્લાની પ્રગતિ તરફ ધ્યાન દોરતા જણાવ્યું હતું કે, ૨૦૦૧ના ભૂકંપ અગાઉ ત્યાં કોઈ ઉદ્યોગ - યુનિટ ન હતા. આજે પરિસ્થિતિ બદલાઈ છે. ત્યાં અનેક ઉદ્યોગો આવ્યા છે અને તેના કારણે રોજગારીની નવી તકો ઊભી થઈ છે. તેમણે વધુમાં કહ્યું, રાષ્ટ્રના વડાપ્રધાનશ્રીએ અંગત રસ દાખવીને આજે કચ્છને વિશ્વના નકશામાં મૂકી દીધું છે. તેમણે વડાપ્રધાનની ઝીણવટભરી કામગીરીને બિરદાવતા કહ્યું કે, **૨૦૦૧ના**

**ભૂકંપ સમયે મૃત્યુ પામેલા લગભગ ૧૨ હજાર વ્યક્તિઓના નામની પ્લેટ ત્યાં મૂકાયેલ છે.** એટલું જ નહીં પરંતુ તે પ્લેટના અક્ષરો કઈ સાઈઝના હોવા જોઈએ, ત્યાં સુધી તેમણે અંગત રસ દાખવ્યો હતો. વડાપ્રધાનશ્રીનું વિઝન પણ અદ્‌ભુત છે. તેઓ દરેક પ્રોજેક્ટ મોટા સ્કેલમાં કરાવે છે જેથી આવતા ૨૦-૨૫ વર્ષ સુધી કોઈ તકલીફ ન થાય. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન પ્રોજેક્ટના સમયે હંમેશાં દીર્ઘદૃષ્ટિ રાખે છે. **કચ્છ જિલ્લામાં સમગ્ર ક્ષેત્રે વિકાસ કરવાનો વડાપ્રધાનશ્રીએ સંકલ્પ કર્યો હતો. જે ખરેખર તેમણે સાર્થક કરી બતાવેલ છે. કચ્છના સફેદ રણ અને હાલના સ્મૃતિ વન જેવા પ્રોજેક્ટથી કચ્છની ખ્યાતિ વિશ્વભરમાં ફેલાઈ છે,** એમ અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું. કચ્છની જરૂરિયાતો તરફ અગાઉ કોઈ ધ્યાન આપતું ન હતું. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તરીકે પણ નરેન્દ્રભાઈએ રસ્તા, રેલવે, બ્રિજ, નર્મદાના નીર, ઘુડખર અભયારણ્ય વગેરેમાં અંગત ધ્યાન આપીને કચ્છ જિલ્લાનો વિકાસ કર્યો છે. તેમણે ૬૯,૦૦૦ કિ.મી. જેટલી લાંબી લાઈનો દ્વારા નર્મદાના નીરને કચ્છના અનેક ગામડાઓ સુધી પહોંચાડ્યા છે. આ રીતે વડાપ્રધાનશ્રીએ કચ્છ જિલ્લા માટે ભગીરથ કાર્યો કર્યા છે, તેમાં કોઈ શંકા નથી. તેમ અધ્યક્ષશ્રી નીમાબેન આચાર્યએ કહ્યું હતું. દરેક યાત્રાધામોનું અને મંદિરોનું આધુનિકરણ કરવામાં આવ્યું છે. જૈન સાધુ - સાધ્વીજીઓના વિહારના પંથે સલામતી, યુનિવર્સિટી, તબીબી શિક્ષણ જેવા ક્ષેત્રોમાં પ્રગતિ સાધીને જિલ્લાનો વિકાસ કરવામાં આવ્યો છે. જિલ્લામાં પર્યાવરણ અને ખેતી ક્ષેત્રે પણ ઉચિત કાર્યવાહી કરીને કચ્છ જિલ્લાએ સમૃધ્ધિ હાંસલ કરી છે, તેમ અધ્યક્ષશ્રી નીમાબેન આચાર્યએ જણાવ્યું હતું.

સમારંભના કાર્યક્રમનું સંચાલન **શ્રીમતી ફાલ્ગુની શાહ** તથા **શ્રીમતી અલ્પા શાહે** ખૂબ જ વ્યવસ્થિત અને રસપ્રદ રીતે કર્યું હતું. તેમની કામગીરી પ્રશંસાપાત્ર રહી હતી.

વિભાગીય કાર્યક્રમ-૧ ની સમાપ્તિના અંતે આભારવિધિ **શ્રી હિરેન શાહે** કરી હતી. તેમણે મુખ્ય અતિથિ, અન્ય અતિથિ વિશેષશ્રીઓ, દાતાશ્રીઓ, બહારગામથી પધારેલા મહેમાનો અને સ્થાનિક મહાનુભાવો તથા સમાજના દરેક પરિવારજનોનો ખાસ આભાર માન્યો હતો.

## વિભાગીય કાર્યક્રમ : શ્રેણી-૨

કાર્યક્રમના પ્રારંભમાં સાંસ્કૃતિક સમિતિ તથા સંસ્થાના પરિવારજનોના કલાકારોએ **નવકાર મંત્ર**ની પ્રાર્થના સાથે અત્યંત આકર્ષક નૃત્યની રજૂઆત કરી હતી. જેમાં પૂજા - અર્ચના પણ સામેલ હતા.

ત્યારબાદ તરત જ સમાજના હોદ્દેદારશ્રીઓ સ્ટેજ પર બિરાજમાન થયા હતા અને પ્રમુખશ્રી દ્વારા પ્રાસંગિક ટૂંક ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. જૈન ધર્મમાં પર્વાધિરાજ પર્યુષણ પર્વનો ખાસ મહિમા છે. સૌ પરિવારજનો આનંદ અને ઉત્સાહના માહોલમાં જપ-તપ તથા અનેક પ્રકારની આરાધના કરીને આ પર્વની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરે છે. આ અવસરે, સંસ્થાના **ટ્રસ્ટી શ્રી રમણિકલાલ ગોસરે** પર્યુષણ મહાપર્વ, સંવત્સરી પ્રતિક્રમણ તથા કર્તવ્યોનો આ પર્વમાં શું મહિમા છે, તે સમજાવ્યું હતું. વધુમાં તેમણે મન, વચન અને કાયાના યોગથી કોઈપણ જીવને દુઃખ થયું હોય તો સમાજ, તેના હોદ્દેદારો તથા પોતાના વતી સર્વે જીવોની વાર્ષિક ક્ષમાપના કરી હતી. તે સાથે દરેક સભ્યોએ પરસ્પર **'મિચ્છામિ દુક્કડં'** કર્યા હતા.

આ કાર્યક્રમ દરમ્યાન સમાજ પરિવારજનના **શ્રી શૈલેન શાહ** તથા **શ્રી મનીષ વીરા**નું પ્રમુખશ્રીના હસ્તે ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. તેઓ બંનેએ અનુક્રમે ૧૨૭ અને ૧૧૩ વખત સાર્વજનિક ઉપયોગ માટે બ્લડ ડોનેટ કરીને એક જ્વલંત સામાજીક ઉદાહરણ પૂરું પાડ્યું છે. તે સાથે બ્લડ ડોનેશન અને અવયવ દાન સમિતિના **શ્રી કમલેશભાઈ શાહ**નું પણ સન્માન કરવામાં આવેલ. તેમની આગેવાની હેઠળ અનેક સમયે બ્લડ ડોનેશન તથા બ્લડ ડોનેશન કેમ્પોનું સુંદર રીતે આયોજન થતું રહે છે.

ત્યારબાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓ તથા વર્તમાન ગતિવિધિઓ સંબંધી જરૂરી માહિતી માનદ્ મંત્રી **શ્રી રજનીકાંત પારેખ** દ્વારા આપવામાં આવી હતી. તેવી રીતે સંસ્થાની તબીબી ક્ષેત્રની કામગીરી અને તેની યોજનાઓની વિગત મેડિકલ સમિતિના કન્વીનર **શ્રી અશ્વિનભાઈ સાવલા**એ આપી હતી.

## વિભાગીય કાર્યક્રમ : શ્રેણી-૩ (ફિલ્મી ગીતો / વાજિંત્રોની રમઝટ (કરાઓકે)) :

આ કાર્યક્રમની શરૂઆતમાં સમાજના જ પરિવારજનોના નાના-મોટા સભ્યોએ તથા તબીબી કેન્દ્રના ડોક્ટરોએ વિવિધ પ્રકારના ફિલ્મી ગીતો ગાઈને, સંગીતના વાજીંત્રો વગાડીને ઉપસ્થિત સભ્યોના તન-મન ડોલાવ્યા હતા. **ડૉ. હિમાંશુ શાહ** દ્વારા માઉથ ઓર્ગન પર અતિ સુંદર તર્જોની રજૂઆત કરવામાં આવી હતી. જેની પ્રેક્ષકોએ તારીફ કરી હતી.

## વિભાગીય કાર્યક્રમ : શ્રેણી-૪ : સરસ્વતી (વિદ્યાર્થી પુરસ્કાર) સન્માન :

સરસ્વતી (વિદ્યાર્થી પુરસ્કાર) સન્માન સમિતિના **શ્રી મનીષભાઈ વીરા** તથા સમિતિના અન્ય સભ્યશ્રીઓના સુંદર સંચાલન હેઠળ શૈક્ષણિક ક્ષેત્રના તેજસ્વી તારલાઓનું સન્માન કરીને તેમને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. જેમાં નર્સરી (બાળ વર્ગ)થી ધોરણ ૯ના છાત્રોને કાઉન્ટર પરથી ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે ધોરણ ૧૦ અને તેની ઉપરના વર્ગના વિદ્યાર્થીઓને સ્ટેજ પર નિર્ધારીત યોજનાઓ અંતર્ગત પુરસ્કૃત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## સરસ્વતી (વિદ્યાર્થી પુરસ્કાર) સન્માન :

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારજનોમાં અભ્યાસ ક્ષેત્રે અનેક તેજસ્વી તારલાઓ છે. ભવિષ્યમાં તેમની કારકિર્દી અતિ ઉજ્જવળ રહેશે અને સિધ્ધિના અનેક ઉચ્ચ શિખરો સર કરશે તેમાં બે મત નથી.

આ વર્ષે શૈક્ષણિક ક્ષેત્રના ચાર વિભાગોમાં સમાજ સ્તરે પ્રથમ ક્રમાંકે આવનાર ચારેય યુવતીઓ છે, જે એક રેકોર્ડ છે. શિક્ષણ ક્ષેત્રના પારિતોષિક વિતરણ કાર્યક્રમનાં સંચાલક શ્રી મનીષભાઈ વીરાએ આ બાબતે પરિવારજનોનું ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. દરેક તેજસ્વી તારલાઓને ખૂબ ખૂબ અભિનંદન...

### ધોરણ-૧૦

| | | | |
|---|---|---|---|
| ૧. | જીયા – દીપાબેન હિરેનભાઈ ગડા | કોડાય | માર્કસ : ૪૯૭/૫૦૦ |
| ૨. | યશસ્વી – ધારીણીબેન હિમાંશુભાઈ શાહ | નલિયા | માર્કસ : ૫૬૬/૬૦૦ |
| ૩. | તીર્થ – ફાલ્ગુનીબેન પ્રીતેશભાઈ પ્રભુલાલ સંઘવી | આડેસર | માર્કસ : ૪૫૯/૫૦૦ |

### ધોરણ-૧૨ (સાયન્સ)

| | | | |
|---|---|---|---|
| ૧. | હીર – રતનબેન નીલેશભાઈ કુબડિયા | ચોબારી | માર્કસ : ૪૯૨/૫૦૦ |
| ૨. | નમ્ર – પરીતાબેન નંદનભાઈ શાહ | ફતેહગઢ | માર્કસ : ૪૭૬/૫૦૦ |
| ૩. | ભવ્ય – હેમાલીબેન વિમલભાઈ મહેતા | વાંઢિયા | ૯૨ ટકા |

### ધોરણ-૧૨ (કોમર્સ)

| | | | |
|---|---|---|---|
| ૧. | વીરતી – કલ્પનાબેન હર્ષદભાઈ મહેતા | ભીમાસર | ૮૫ ટકા |
| ૨. | રીયા – ગીરાબેન રાહુલભાઈ નાગડા | લઠેડી | ૮૩.૦૫ ટકા |
| ૩. | દેવાંશી – પૂર્વીબેન ગૌરાંગભાઈ ફોફલિયા | ભુજપુર | ૮૩ ટકા |

### ધોરણ-૧૨ (આર્ટસ)

| | | | |
|---|---|---|---|
| ૧. | કાવ્યા – તૃપ્તિબેન વસંતભાઈ સાવલા | કોડાય | ૮૬ ટકા |

(સરસ્વતી સન્માનના અન્ય તેજસ્વી તારલાઓની વિગત અન્યત્ર આપવામાં આવી છે.)

## વિભાગીય કાર્યક્રમ : શ્રેણી-૫ : મનોરંજન કાર્યક્રમ

*સાંસ્કૃતિક કાર્યક્રમમાં*
*ભારત દર્શન*
*અદ્ભુત નાટક તથા ડાન્સ*

*સમાજ પરિવારજનોના સભ્યો તથા બાળકો પૈકી ૬૦ કલાકારોએ પોતાની પ્રતિભાની ભવ્ય રજૂઆત કરી*

*કલાકારોની ટીમે સતત ૬૦ દિવસ પ્રેક્ટિસ માટે કાર્યરત રહીને સમગ્ર કાર્યક્રમ અદ્‌ભુત રૂપે તૈયાર કર્યો*

*ટોટલ ૨૪૦ કલાક પ્રેક્ટિસની ફળશ્રુતિ*

*કલાકારો દ્વારા દિલધડક સ્ટેજ રજૂઆત*

*નાટક સાથે ૧૬ ડાન્સ-ગીતોની મનોરમ્ય રજૂઆત*

*સમાજના નાના-મોટા સભ્યોના તન અને મનમાં છૂપાયેલી કળાને પિછાણીને તેમને કુનેહપૂર્વક તક આપવાનો આ શ્રેષ્ઠ પ્રયાસ હતો. કાબિલેદાદ કહી શકાય.*

*સાંસ્કૃતિક અને યુવા વિકાસ સમિતિઓના કન્વીનર્સ તેનાં તમામ સભ્યશ્રીઓ તથા કાર્યક્રમની પ્રેક્ટિસ કરાવનાર કોરિયોગ્રાફર વગેરેની અદ્‌ભુત કામગીરી.*

## સાંસ્કૃતિક અને યુવા વિકાસ સમિતિ દ્વારા રંગારંગ કાર્યક્રમ :

આ કાર્યક્રમની ભવ્ય રજૂઆતથી ઉપસ્થિત પ્રેક્ષકો - સમાજ પરિવારજનોના દિલ-દિમાગ પર મસ્ત મનોરંજનની મસ્તી છવાઈ ગઈ હતી. સમાજ પરિવારજનોના કલાકારોએ જે રીતે પોતાના કલા-કસબના દર્શન કરાવ્યા હતા, તેના પરથી તેની તૈયારીમાં જે પરિશ્રમ ઉઠાવ્યો હતો તેની પ્રતીતિ થઈ રહી હતી. **મનોરંજન કાર્યક્રમમાં ભારત દર્શન - નાટક સાથે વિવિધ રાજ્યોની વિશિષ્ટતાઓની ખૂબીપૂર્વક રજૂઆત થઈ હતી.** જેનાથી સૌ ખૂબ પ્રભાવિત થયા હતા. તે સિવાય ગાયક કલાકારો દ્વારા વિવિધ રાગો પર આધારિત ફિલ્મી ગીતોની ખૂબ સુંદર રીતે રજૂઆત થઈ હતી.

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપરોક્ત અદ્વિતીય કાર્યક્રમનું વ્યવસ્થિત રીતે આયોજન કરનાર તથા પડદા પર અને પડદા પાછળ સમગ્ર કામગીરી કરનાર તેમજ તેને સફળતાના શિખરે લઇ જનાર... આ છે મૂખ્ય સૂત્રધારો...**

### આયોજન સમિતિ

- ★ શ્રી પ્રતાપ નારાણજી દંડ - પ્રમુખશ્રી
- ★ શ્રી અશોકભાઈ મહેતા - પૂર્વ પ્રમુખશ્રી
- ★ શ્રી શાંતિભાઈ સાવલા - ઉપપ્રમુખ-૧
- ★ શ્રી હિરેન શાહ - ઉપપ્રમુખ-૨
- ★ શ્રીમતી ફાલ્ગુની શાહ - ટ્રસ્ટીશ્રી
- ★ શ્રી હસમુખભાઈ ગઢેચા - ટ્રસ્ટીશ્રી
- ★ શ્રી મનુભાઈ શાહ - ટ્રસ્ટીશ્રી
- ★ રજનીકાંત પારેખ - મંત્રીશ્રી

તથા વિવિધ સમિતિઓના કન્વીનર્સ અને તેના સર્વે સભ્યશ્રીઓ

### સ્વાગત સમિતિ

- ★ શ્રી હસમુખભાઈ ગઢેચા
- ★ શ્રી શાંતિભાઈ સાવલા
- ★ શ્રી મનુભાઈ શાહ
- ★ શ્રી આશિષભાઈ શાહ

## કાર્યક્રમમાં ઉપસ્થિત રાજકીય હસ્તીઓ :

### ★ મુખ્ય અતિથિ વિશેષશ્રી

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ - મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજ્ય

### ★ અતિથિ વિશેષશ્રીઓ

| | |
|---|---|
| શ્રીમતી નીમાબેન આચાર્ય | અધ્યક્ષ, ગુજરાત રાજ્ય વિધાનસભા |
| શ્રી રાકેશભાઈ શાહ | ધારાસભ્ય – એલિસબ્રિજ (અમદાવાદ) |
| શ્રી અમિતભાઈ શાહ | અમદાવાદ શહેર અધ્યક્ષ - ભાજપ (પૂર્વ મેયર - અમદાવાદ) |
| શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ | સહ કોષાધ્યક્ષ - ભાજપ (પૂર્વ ઔડા ચેરમેન) |
| શ્રી બાબુભાઈ મેઘજી શાહ | પૂર્વ નાણાંમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય |
| શ્રી આશિષભાઈ ધીરુભાઈ શાહ | અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના પૂર્વ કોર્પોરેટર |

અમારા નિમંત્રણથી કાર્યક્રમમાં પધારવા બદલ દરેકનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

### ★ કાર્યક્રમમાં ઉપસ્થિત અતિથિ વિશેષશ્રીઓ :

| | |
|---|---|
| શ્રી બિપીનભાઈ કાનજી જૈન | બિપીન કોર્પોરેશન |
| શ્રી મહેન્દ્ર કુંવરજી શાહ | વી-ટ્રાન્સ |
| ડૉ. બીના અનિલ શાહ | નેફ્રોલોજિસ્ટ |
| શ્રી રાજુભાઈ ગાલા | નવનીત ગ્રુપ |
| શ્રી સંદીપભાઈ ગાલા | નવનીત ગ્રુપ |
| શ્રી પારસભાઈ સાવલા | દીપ ઈન્ડસ્ટ્રીઝ |
| શ્રી રૂપેશભાઈ સાવલા | દીપ ઈન્ડસ્ટ્રીઝ |

કાર્યક્રમમાં પધારેલા દરેક અતિથિ વિશેષશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

### ★ કાર્યક્રમમાં ઉપસ્થિત બહારગામના માનવંતા મહેમાનશ્રીઓ :

| | |
|---|---|
| શ્રી બંસીલાલ ગડા | મુંબઈ |
| શ્રી હાર્દિકભાઈ મામણિયા | સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટી |
| શ્રી શૈલેષભાઈ કંસારા | મેનેજરશ્રી, કચ્છમિત્ર કાર્યાલય |

કાર્યક્રમમાં પધારેલા ઉપરોક્ત મહેમાનશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

### ★ કાર્યક્રમમાં ઉપસ્થિત સમાજના હોદ્દેદારશ્રીઓ, આગેવાનશ્રીઓ તેમજ મહાનુભાવશ્રીઓ :

| | |
|---|---|
| શ્રી જયેશભાઈ મજમુદાર | અમદાવાદ, ઉદ્યોગપતિ |
| શ્રી કીર્તિભાઈ બારૂ | પ્રમુખશ્રી, શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ |
| શ્રી ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર | શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ |
| શ્રી જગદીશભાઈ ઠક્કર | પૂર્વ પ્રમુખશ્રી, શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ |
| શ્રી મેઘજીભાઈ પટેલ | પટેલ ટૂર એન્ડ ટ્રાવેલ્સ |
| શ્રી પરાગભાઈ જી. ઠક્કર | ખજાનચી, શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ |

*શ્રી હિમાંશુ ઠક્કર* — *મંત્રીશ્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ*
*શ્રી પ્રેમજીભાઈ પટેલ* — *પૂર્વમંત્રીશ્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ*
*શ્રી પરબતભાઈ પટેલ* — *કારોબારી સભ્ય, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ*

***અમારા નિમંત્રણને માન આપીને કાર્યક્રમમાં પધારવા બદલ આપ સર્વેનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.***

કાર્યક્રમમાં ઉપસ્થિત રાજકીય હસ્તીઓની તથા અતિથિ વિશેષશ્રીઓની, બહારગામના માનવંતા મહેમાનશ્રીઓ તથા અન્ય સમાજના હોદ્દેદારશ્રીઓ, આગેવાનશ્રીઓ તથા મહાનુભાવશ્રીઓની યાદી આ સાથે અલગથી આપવામાં આવી છે.

**કાર્યક્રમના અન્ય મુખ્ય અંશ :**

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત ઉપરોક્ત વાર્ષિક સ્નેહ મિલન કાર્યક્રમને સંપૂર્ણ સફળતા મળે તે માટે નીચે મુજબની સમિતિઓની કામગીરી ઉત્તમ પ્રકારની રહેવા પામી હતી. જે ખરેખર બિરદાવવા યોગ્ય અને પ્રશંસાપાત્ર હતી.

આયોજન સમિતિ, યુવા વિકાસ સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ, રક્તદાન-દેહદાન-અવયવ દાન સમિતિ, વૈયાવચ્ચ સમિતિ, હિસાબી સમિતિ, જમણવાર સમિતિ, વોલન્ટિયર્સ સમિતિ, સાંસ્કૃતિક સમિતિ, સરસ્વતી સન્માન (વિદ્યાર્થી પુરસ્કાર) સમિતિ, મંડપ અને ડેકોરેશન સમિતિ, વાહનવ્યવસ્થા સમિતિ, સ્ટેજ સમિતિ તથા અતિથિ વિશેષ સમિતિ.

કાર્યક્રમને સંબંધિત સમિતિશ્રીઓના કન્વીનરો. જેમાં.... સર્વશ્રી ચૈતન્ય રાંભિયા, કમલેશભાઈ શાહ, કે.ડી. શાહ, ગિરીશભાઈ શાહ, વિશાલભાઈ શાહ, મનીષભાઈ વીરા, પ્રદીપભાઈ મહેતા, સુશ્રી સુલુબેન શાહ, સ્મિતાબેન શાહ, રમણિકભાઈ ગોસર, મનિષભાઈ ગોસર, ચંદ્રેશ લોડાયા, હિરેન કે. શાહ, આશિષભાઈ શાહ, દેવેનભાઈ છેડા, દેવેશભાઈ દંડ, નરેન્દ્રભાઈ કોઠારી, દિલીપભાઈ દંડ વગેરે તથા તેમની સમિતિઓના સભ્યશ્રીઓએ કાર્યક્રમ દરમ્યાન શ્રેષ્ઠ કામગીરી બજાવી.

★ રક્તદાન, અવયવ દાન, દેહદાન સમિતિ દ્વારા ઉપરોક્ત કાર્યક્રમ દરમ્યાન બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ૧૮થી ૬૦ વર્ષની વયની **૯૦ વ્યક્તિઓએ પોતાનું રક્ત સ્વેચ્છાએ ડોનેટ કર્યું હતું.** સમિતિ દ્વારા રક્તદાન - અવયવ દાન - દેહદાનની ભાવનાને સાર્થક કરવા, આમ જનતામાં જાગૃતિ લાવવા માટે શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવી હતી. સમાજના સક્રિય કાર્યકર **શ્રી મનીષભાઈ વીરા** તથા **શ્રી શૈલેનભાઈ શાહ** એ આજપર્યંત એકસોથી પણ વધુ વખત રક્તદાન કરીને એક અનોખો રેકોર્ડ સ્થાપિત કર્યો છે.

★ અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, રક્તદાન-અવયવદા-દેહદાન સમિતિના કન્વીનર **શ્રી કમલેશ બી. શાહ**ની વિનંતીને માન આપીને સમારંભમાં પધારેલા મુખ્ય અતિથિ વિશેષશ્રી ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ ટાગોર હોલની બહાર આયોજીત બ્લડ ડોનેશન કેમ્પન ઉડતી મુલાકાત લેતાં ત્યાં ઉપસ્થિત સર્વે જણ આનંદવિભોર થઈ ગયા હતા.

★ ટાગોર હોલની બહાર પેસેજમાં ધોરણ નર્સરીથી ધોરણ-૯ સુધીના બાળકોને સરસ્વતી સન્માન (વિદ્યાર્થી પુરસ્કાર) સમિતિ દ્વારા આકર્ષક આઈટમ્સમના ઇનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

★ સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ માટે યથાશક્તિ ડોનેશન પ્રદાન કરવાની વ્યવસ્થા વૈયાવચ્ચ સમિતિ દ્વારા કરવામાં આવી હતી.

★ મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા મહિલાઓ માટે મેમોગ્રાફી / પેપ ટેસ્ટ તથા સ્તન કેન્સરની નિઃશુલ્ક તપાસ અર્થે રજિસ્ટ્રેશન કરાવવા માટે સ્થળ પર આયોજન કરવામાં આવ્યું હતું. તે સિવાય, કેન્સર નિદાન ટેસ્ટ સમયાંતરે કરાવતા રહેવા તથા તે માટે આમ જનતામાં જાગૃતિ ફેલાય તેવા પ્રયાસ સમિતિ દ્વારા કરવામાં આવ્યા હતા. આ પ્રકારની તબીબી ક્ષેત્રની કામગીરી માટે મહિલા ઉત્કર્ષ સમિતિના કન્વીનર **શ્રીમતી સુલુબેન શાહ તથા તેમના સહયોગીઓએ** ખૂબ જ જહેમત ઉઠાવી હતી. જે પ્રશંસાપાત્ર હતી. કેમિકલ મુક્ત ખાઓ અને રોગથી દૂર રહો – તે માટે પણ લોકોને જાગૃતતા લાવવા સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

★ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સમાજ હેઠળની વિવિધ સમિતિઓના કાર્યકર્તાઓ, સ્વયંસેવકો તથા સમાજ કાર્યાલયના મેનેજરશ્રી સાથે સર્વે સ્ટાફગણની કામગીરી ઉત્તમ પ્રકારની રહી હતી.

★ બીજા ચરણમાં કાર્યક્રમના અંતે આભારવિધિ માનદ્ મંત્રી **શ્રી રજનીકાંત પારેખે** કરી હતી.

★ કાર્યક્રમની શરૂઆતથી એટલે કે સવારે ૯.૦૦ વાગ્યાથી સાંજે ૫.૩૦ વાગ્યા સુધી પરિવારજનોથી હોલ એકદમ પેક રહ્યો હતો, જે કાર્યક્રમની સફળતાનો નિર્દેશ કરે છે.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## જાહેર આમંત્રણ

## નૂતન વર્ષ મિલન સમારંભ

વિક્રમ સંવત ૨૦૭૮ના અંતિમ ચરણમાં આપણે પ્રવેશી ચૂક્યા છીએ. વિક્રમ સંવત ૨૦૭૮ની આસો વદ અમાસ એટલે કે મંગળવાર, તા. ૨૫-૧૦-૨૦૨૨ના રોજ આપણે ઉજવીશું દીપોત્સવી તહેવાર. એ દિવસે આપણે વર્ષ ૨૦૭૮ને વિદાય કરી, બુધવાર, તા. ૨૬-૧૦-૨૦૨૨ એટલે કે કારતક સુદ-એકમના દિવસે વિક્રમ સંવત ૨૦૭૯ના વર્ષમાં પ્રવેશ કરીશું.

તે નિમિત્તે બુધવાર, તા. ૨૬-૧૦-૨૦૨૨ના સાંજે ૫.૦૦ થી ૭.૦૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે નૂતન વર્ષ મિલન સમારંભ યોજવામાં આવનાર છે.

નૂતન વર્ષ મિલન સમારંભમાં શ્રી કચ્છી જૈન પરિવારોની સાથે અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારો, નિયાણી બહેનોને પણ પરિવાર સાથે આમંત્રિત કરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં સાંસ્કૃતિક કાર્યક્રમના કલાકારો અને સ્નેહ મિલનમાં સેવા આપનાર વોલન્ટિયર્સ અને અન્ય મદદગાર વ્યક્તિઓનું બહુમાન કરવામાં આવશે અને અંતે સ્વરૂચિ ભોજન લઈને છૂટા પડીશું.

એ દિવસે આપણે એકબીજાને હળીમળીને પરસ્પર નૂતન વર્ષના અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવીશું.

**રજનીકાંત ધરમશી પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સમિતિઓમાં સેવા આપવા બાબત

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યોને જણાવવાનું કે વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટેની સમિતિઓનું નજીકના ભવિષ્યમાં કારોબારી સમિતિની મીટિંગમાં ગઠન કરવામાં આવનાર છે. તો પોતાની સેવા આપનાર સભ્યોએ જે-તે સમિતિમાં કામ કરવાની ઈચ્છા હોય તો તે અંગેની માહિતી શ્રી રજનીકાંત ધરમશી પારેખને મોકલવા વિનંતી. આપ આપની માહિતી મોબાઈલ નં. ૯૮૯૮૦ ૫૩૫૨૧ ઉપર પણ મોકલી શકશો. આ માહિતી મોકલવાની અંતિમ તા. ૨૫-૧૦-૨૦૨૨ છે.

કોઈપણ વ્યક્તિ વધુમાં વધુ ત્રણ સમિતિઓમાં સેવા આપી શકશે. અનિવાર્ય સંજોગોમાં કારોબારી સમિતિ તેમાં ફેરફાર કરી શકશે.

**રજનીકાંત ધરમશી પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સાંસ્કૃતિક સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સ્નેહ મિલન સમારંભની ભવ્ય ઉજવણી તા. ૧૮-૯-૨૦૨૨ રવિવારના રોજ સવારે ૧૦ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી પાંચ વિભાગોમાં ટાગોર હોલ - પાલડી, અમદાવાદ ખાતે ઉજવવામાં આવી હતી.

પ્રથમ વિભાગમાં સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ શ્રીમતી નીમાબેન આચાર્ય તેમજ સમાજના મોભી ઉદ્યોગપતિઓ, સમાજના ઉપપ્રમુખશ્રી તેમજ માનદ્ મંત્રી તથા ટ્રસ્ટીગણની હાજરી રહી હતી.

બીજા વિભાગની શરૂઆતમાં સાંસ્કૃતિક સમિતિ દ્વારા નવકાર મહામંત્રની સુંદર પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી. જેમાં સમાજના ૧૫ સભ્યોએ મળીને સુંદર નૃત્ય પ્રસ્તુત કર્યું હતું.

ત્રીજા વિભાગમાં સાંસ્કૃતિક સમિતિ દ્વારા ૩૦ મિનિટનો ગાયનનો કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો. તેની સુંદર પ્રસ્તુતિ કેરીઓકે ટ્રેક ઉપર સમાજના કલાકારો દ્વારા રજૂ કરવામાં આવી. એમાં કુલ ૧૧ કલાકારોએ ભાગ લીધો હતો. તેમના નામ આ પ્રમાણે છે : (૧) ડૉ. શિલ્પા તોશ્નીવાલ, (૨) જીત શાહ, (૩) તીર્થ સંઘવી, (૪) કુ. હેત્વી સંઘવી, (૫) પ્રિયેશભાઈ સંઘવી, (૬) પ્રદીપભાઈ મહેતા, (૭) ડૉ. હિમાંશુભાઈ શાહ, (૮) કુ. કવિશા ગોસર, (૯) નિખિલભાઈ શાહ, (૧૦) મનીષ શાહ (બોબી).

પાંચમા વિભાગમાં મનોરંજન તથા સાંસ્કૃતિક કાર્યક્રમની સુંદર પ્રસ્તુતિ સાંસ્કૃતિક સમિતિ દ્વારા આ પ્રમાણે કરવામાં આવી હતી. કાર્યક્રમનું શિર્ષક "ભારત દર્શન" હતું જેનો સમય ૧ કલાક ૪૦ મિનિટનો હતો. તેમાં ભારતના વિવિધ રાજ્યોના નૃત્યો જેમ કે ગરબા, લાવણી, ભાંગડા, આસમિયા, ક્લાસિકલ ભરત નાટ્યમ (તાંડવ) જેવા વિવિધ દસ ટ્રેક ઉપર સુંદર નૃત્ય પ્રસ્તુત કરાયું હતું અને સાથોસાથ સુંદર નાટકની પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં કલાકારોએ હોંશે હોંશે ભાગ લીધો હતો અને બે મહિના અને આઠ દિવસની ખૂબ જ મહેનત અને સમય કાઢીને પ્રેક્ટીસ કરી હતી. તેના પરિણામ સ્વરૂપે ખૂબ જ સુંદર તથા સફળ કાર્યક્રમનું આયોજન સંભવ બન્યું હતું.

કાર્યક્રમની પ્રસ્તુતિ વખતે સમાજના મંત્રીગણ, ટ્રસ્ટીગણ, તમામ મહાનુભાવો ટાગોર હોલ ખાતે શરૂઆતથી લઈને કાર્યક્રમના સમાપન સુધી પૂર્ણ હાજરીથી સાક્ષી રહ્યા હતા.

***નૃત્ય તથા નાટકના તમામ કલાકારોની વિગત આ પ્રમાણે છે.***

નાટકના શિર્ષકનું નામકરણ તથા વિષય સૂત્રધાર : નેહા શાહ

★ *ડ્રામાના લેખક :* યશ્વી પૂજ

★ *ડ્રામાના મધુર કંઠીલા સૂત્રધાર :* દ્દષ્ટિ મહેતા તથા યશ્વી પૂજ

★ *ડ્રામાના ઓડિયો વીડિયો એડિટીંગ તથા ટેકનિકલ કામગીરી કરનાર :* પ્રિયેશભાઈ સંઘવી

★ *કો-એડિટર :* મનીષ શાહ (બોબીભાઈ)

★ *ડ્રામાના કલાકારો*

*લીડ રોલમાં :* ભવ્યા મોરબીયા
*મિત્ર :* યશ મોરબીયા
*દાદા :* પ્રિયેશ સંઘવી
*દાદી :* ઈલા છાડવા
*મામા તથા ગાઈડ :* નિમેષભાઈ ગોગરી
*વડાપાઉ અને ઈડલીવાળા :* ધનરાજ દેઢિયા
*ટ્રક ડ્રાઈવર :* બીનોય ગોગરી
*કાશ્મીરી ગાઈડ :* યેશા મહેતા
*બેંગોલી અંકલ :* મનીષ શાહ (બોબીભાઈ)
*બેંગોલી આન્ટી :* વિરાલી મહેતા
*સાઉથ ઈન્ડિયન અંકલ :* વિશાલ શાહ
*સાઉથ ઈન્ડિયન આન્ટી :* બીનલ શાહ
*સોશિયલ મીડિયા હેલ્પિંગ હેન્ડ :* જૈનમ શાહ

★ *કાર્યક્રમમાં પ્રસ્તુત થયેલ તમામ નૃત્યોના કોરીયોગ્રાફર :* પ્રિન્સી મોરે

★ *નૃત્યના કલાકારોના નામ : (બાળકો)* મોક્ષા દેઢિયા, ચાર્મી મૈશેરી, માન્યતા મૈશેરી, પ્રિયાંશ રાંભિયા, દેવાંશ શાહ, જીનાન્સ શાહ, જીયાન્સ શાહ, રીયા શાહ, ખુશાલી શાહ, દેવાંગી હરિયા, અક્ષીતા હરિયા, ક્રિસ્ટી વોરા, પ્રીશા શાહ, નાવ્યા કોરડિયા, ક્રિશા કોરડિયા, હીર શાહ. ★ *(ગર્લ્સ)* : મીનલ દેઢિયા, ઈલા છાડવા, કૃપા ગોસર, ચાર્મી દેઢિયા, વૃષ્ટિ મહેતા, પંકિની મહેતા, દેવાંશી કુબડિયા, ડિંકલ શાહ, ક્રિષા રાંભિયા, કેશા મહેતા, નિરાલી મહેતા, ગુંજન શાહ, નેહા ગોસર, નેહલ શાહ, નેહા શાહ, પારૂલ કુબડિયા, સૃષ્ટિ મૈશેરી, પાયલ વોરા, જોલી મોદી, નયના ગોગરી, યશ્વી પૂજ, કૃપાલી રાંભિયા. ★ *(બૉયસ) :* ધનરાજ દેઢિયા, મનીષ છાડવા, જય છાડવા, બીનોય ગોગરી, હેપી ગોગરી, જયદીપ શાહ, ચૈતન્ય રાંભિયા, આશિષ શાહ, કેવલ ગોસર, જૈનમ શાહ, ભૌમિક મૈશેરી.

આ તમામ કલાકારોની મહેનત અને લગનથી તૈયાર કરેલ એમની સુંદર પ્રસ્તુતિને ભવ્ય ઉત્સવની જેમ ઉજવવા બદલ તથા સરાહના, પ્રેમ અને પસંદગી આપવા બદલ સાંસ્કૃતિક સમિતિ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો આભાર માને છે અને આગળ પણ સુંદર કાર્યક્રમ આપવાની તૈયારી રાખે છે.

***નેહા શાહ***
***કન્વીનર - સાંસ્કૃતિક સમિતિ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સ્નેહ મિલન, સરસ્વતી સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ ● રવિવાર, તા. ૧૮-૦૯-૨૦૨૨




સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ દ્વારા સમાજને ઉદ્‌બોધન



ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું બહુમાન કરતાં શ્રી પ્રતાપભાઈ દંડ અને શ્રી હસમુખ ગઢેચા



ગુજરાત રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યનું બહુમાન કરતાં શ્રી રજનીકાંત પારેખ અને શ્રી શાંતિલાલભાઈ સાવલા



ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાને સન્માનપત્ર અર્પણ કરતાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



શ્રી અશોકભાઈ મહેતાનું બહુમાન કરતાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



ડૉ. બીના અનિલ શાહ (યુ.એસ.એ.)નું બહુમાન કરતાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



'કચ્છી બોલી વિજ્ઞાન' પુસ્તકનું વિમોચન કરતાં
માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ




સમાજને ઉદ્‌બોધન કરતાં
માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ




શ્રી બિપીનભાઈ કાનજી જૈનનું બહુમાન કરતાં
ગુજરાત રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્ય



દાતાશ્રી નવનીત પરિવારના મોભી શ્રી શાંતિલાલભાઈ ગાલા
અને પરિવારના અન્ય સભ્યોનું બહુમાન કરતાં
ગુજરાત રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્ય



નવનીત પરિવારના દાતા
શ્રી રાજુભાઈ ગાલા અને શ્રી સંદીપભાઈ ગાલાનું બહુમાન કરતાં
ગુજરાત રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્ય



દીપ ઇન્ડસ્ટ્રીઝના શ્રી શાંતિલાલભાઈ સાવલા,
પારસ સાવલા અને રૂપેશ સાવલાનું બહુમાન કરતાં
ગુજરાત રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્ય



શ્રી મહેન્દ્ર કુંવરજી શાહ (વી-ટ્રાન્સ)નું બહુમાન કરતાં
ગુજરાત રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્ય



દાતાશ્રી જયેશભાઈ મજમુદારનું બહુમાન કરતાં
ગુજરાત રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્ય




સ્ટેજ પરના મહાનુભાવો. (ડાબેથી) સર્વશ્રી રૂપેશ સાવલા, પારસ સાવલા, હસમુખભાઈ ગઢેચા, શાંતિલાલભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, પ્રતાપભાઈ દંડ, રાજુભાઈ ગાલા, મહેન્દ્ર કુંવરજી શાહ, અશોકભાઈ મહેતા, બિપીનભાઈ જૈન, ડૉ. બીના અનિલ શાહ, હિરેન શાહ, જયેશ મજમુદાર, રજનીકાંત પારેખ અને અનંત મજમુદાર

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સરસ્વતી સન્માન-૨૦૨૨ ★ તેજસ્વી તારલાઓ



જીયા હિરેન ગડા
Std.-10 : 99.04%



યશસ્વી હિમાંશુ ખોના
Std.-10 : 94.30%



તીર્થ પ્રિયેશ સંઘવી
Std.-10 : 91.80%



આર્ય પ્રશાંત ખોના
Std.-10 : 88.70%



ખેલીન દીપક છેડા
Std.-10 : 84.60%



ઉમંગી ઉલ્લાસ શાહ
Std.-10 : 84.50%



મહેક જગજીવન મહેતા
Std.-10 : 84.30%



જીયા ગૌતમ દૌલત
Std.-10 : 83.16%



હેનીલ નિમેષ ગોગરી
Std.-10 : 83%




પૂજન અલ્કેશ શાહ
Std.-10 : 82.80%



જીનેશ ધવલ મોમાયા
Std.-10 : 82.0%



કાવ્ય વિમલ મહેતા
Std.-10 : 80%



હીર નીલેશ કુબડિયા
Std.-12 (Sc.) : 98.04%

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સ્નેહ મિલન, સરસ્વતી સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ ● રવિવાર, તા. ૧૮-૦૯-૨૦૨૨

## કાર્યક્રમની તસવીરી ઝલક



સંગીતા ગડાએ તૈયાર કરેલું શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું પોર્ટ્રેઈટ તેઓશ્રીને અર્પણ કરતા શ્રી હસમુખ ગઢેચા અને શ્રી પ્રતાપ નારાણજી દંડ




સમારંભના કાર્યક્રમનું સંચાલન કરતા શ્રીમતી અલ્પા શાહ અને શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ



સમાજના ટ્રસ્ટી
શ્રી હસમુખભાઈ ગઢેચા




સમાજના ઉપપ્રમુખ
શ્રી હિરેન કે. શાહ



સમાજના માનદ્ મંત્રી
શ્રી રજનીકાંત પારેખ



મેડિકલ સમિતિના કન્વીનર
શ્રી અશ્વિનભાઈ સાવલા



વાર્ષિક ક્ષમાપના - મિચ્છામિ દુક્કડં કરતા ટ્રસ્ટી શ્રી રમણિકલાલ ગોસર



તેજસ્વી વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન



તેજસ્વી વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન



તેજસ્વી વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન



સમારંભના દિવસે ટાગોર હોલ ખાતે યોજાયેલ
બ્લડ ડોનેશનની કેમ્પની ઉડતી મુલાકાતે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી
માનનીય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ – તેમની સાથે શ્રી કમલેશભાઈ બી. શાહ



૧૨૭ વખત બ્લડ ડોનેટ કરનાર
શ્રી શૈલેન શાહનું
પ્રમુખશ્રીના હસ્તે સન્માન




૧૧૩ વખત બ્લડ ડોનેટ કરનાર
શ્રી મનીષ વીરાનું
પ્રમુખશ્રીના હસ્તે સન્માન

## સાંસ્કૃતિક કાર્યક્રમની તસવીરી ઝલક
















मुंबई सेंट्रल मुम्बई सेन्ट्रल
CENTRAL














## મહિલા ઉત્કર્ષ સમિતિ

### કેન્સર માટેની જાગૃતિ ફેલાવતા કાર્યક્રમમાં રેકોર્ડ બ્રેક સંખ્યા – ૧૭૦થી વધુ બહેનો જાગૃત થયા – ગીત સંગીતના આનંદ સાથે

"આપણી તંદુરસ્તી આપણા હાથમાં" – કહેવતને સાર્થક કરતો કાર્યક્રમ તા. ૮-૯-૨૦૨૨ને ગુરૂવારના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે બહેનોની ખૂબ બહોળી હાજરી સાથે યોજાઈ ગયો.

કેન્સર જાગૃતિ અભિયાન અંતર્ગત ગોઠવાયેલ આ સેમિનારમાં એપોલો હોસ્પિટલથી પધારેલ ડૉ. શુભા સિંહા (Obcho Breast Surgeon) એ PPTની મદદથી સ્તન કેન્સર વિશેની પાયાની સમજ સાથે એના લક્ષણો, નિદાન, ઉપચાર અને અગમચેતી ઉપર પ્રકાશ પાડ્યો હતો. તેઓએ ભારપૂર્વક સમજાવતા કહ્યું હતું કે....

*જેટલું નિદાન વહેલું, તેટલું બચવું સહેલું*
*કેમકે કેન્સર જેવા રોગોમાં અગમચેતી એ જ ઉત્તમ હિત છે.*
***Prevention is better than Cure.***

કાર્યક્રમના ઉત્તરાર્ધમાં, આ ગંભીર વિષયની ચર્ચા પછી કાર્યક્રમને મનોરંજક અને સંગીતમય બનાવવાના હેતુથી બે પ્રતિભાશાળી, સેવાભાવી અને સંગીતની શોખીન વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. વલ્લભ પરીખ (પીડિયાટ્રીશિયન), કુ. નીના શાહ (ન્યુઝ રીડર) – જેમણે પોતાના મધુર કંઠથી સૌ બહેનોને આનંદિત કરી દીધા હતા.

કેન્સર વિશેની જાણકારી શહેરની વધુને વધુ બહેનો સુધી પહોંચાડવાના ઉદ્દેશથી અન્ય સંસ્થાની બહેનોને પણ આમંત્રાયા હતા. તેમાં સ્ત્રીનિકેતન સંસ્થા મોખરે રહી હતી.

શ્રીમતી મીના કાવ્યા, જેઓ COWE (Cofederation of Women Entrepreneur of India) ના ગુજરાત વિભાગના પ્રેસિડેન્ટ છે, તેઓએ COWE સંસ્થાની પ્રવૃત્તિથી બહેનોને માહિતગાર કર્યા હતા.

કન્વીનરે સૌ મહેમાનોને સમાજની પ્રવૃત્તિઓ જેવી કે કચ્છ ઓર્ગેનિક્સ અને પાલડી ભવનના અદ્યતન મશીનોથી સજ્જ (મેમોગ્રાફી મશીન પણ) મેડિકલ સેન્ટરની સેવાઓથી (જે જાહેર જનતા માટે પણ છે) – વાકેફ કર્યા હતા.

સમિતિની પ્રણાલી મુજબ કાર્યક્રમ દરમ્યાન ૧૦ બહેનોએ પોતાની પ્રોડક્ટ્સ / આવડત સ્ટોલના માધ્યમથી પ્રદર્શિત કરી હતી.

સમિતિની નવી પ્રણાલી મુજબ સૌ મહેમાનોને, હેર ડોનર્સને, ડોક્ટર્સને અને સમયસર પધારેલ બહેનોને કેમિકલ ફ્રી ગોળ મોમેન્ટોરૂપી અપાયો હતો.



*COWE સંસ્થાના પ્રમુખ સાથે સમિતિના સભ્યો અને કન્વીનર*

અંતમાં સૌનો આભાર માન્યા પછી, હાજર રહેલ બહેનોને મેમોગ્રાફી ટેસ્ટ કરાવવા માટેનું આહ્વાન અપાયું હતું.

***સમિતિની પ્રવૃત્તિઓની જાણકારી મેળવવા***
***Whatsapp Group @ 80009 72969 માં જોડાઓ.***

***સુલુ જલદીપ શાહ - કન્વીનર***

## મેરેજ બ્યુરો સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મેરેજ બ્યુરો સમિતિ, અનુબંધ ફાઉન્ડેશન સાથે સહયોગ કરી રવિવાર, તા. ૯-૧૦-૨૦૨૨ના રોજ સમસ્ત જૈન અપરીણિત યુવક-યુવતીઓનો જીવનસાથી પસંદગી સંમેલન રાખેલ છે. જેમાં આવનાર ઉમેદવાર તથા આવનાર વડીલનું નામ સાથે રજિસ્ટર કરાવવાનું રહેશે.

હાલ તા. ૨૨-૯-૨૦૨૨ સુધી ૧૫ દીકરીઓ, ૩૫ દીકરાઓ તથા ૬૨ વાલીઓનું રજિસ્ટ્રેશન થયેલ છે. આ રજિસ્ટ્રેશન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ઉપર થયેલ છે. અનુબંધ ફાઉન્ડેશનમાં થયેલ રજિસ્ટ્રેશન અલગથી છે.

| | | | |
|---|---|---|---|
| *રજિસ્ટ્રેશન* | : | Male Candidate | : Rs. 100/- |
| | | Female Candidate | : Free |
| | | Per Parents/Guardian | : Rs. 100/- |
| *તારીખ* | : | રવિવાર, તા. ૯-૧૦-૨૦૨૨ | |
| *સ્થળ* | : | ટાગોર હોલ, પાલડી, અમદાવાદ. | |
| *સમય* | : | બપોરના ૧ થી ૬ કલાકે. | |

***વધુ માહિતી માટે સંપર્ક :***

*ગિરીશ દેઢિયા : ૯૩૨૦૩ ૧૬૮૬૮*
*વીણાબેન સંઘવી : ૮૦૦૦૭ ૩૯૬૯૮*
*ચેતન ધરોડ : ૯૪૨૬૫ ૨૯૩૪૧*

***ગિરીશ હીરજીભાઈ દેઢિયા***
***કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ***

# પુરસ્કાર સમિતિ

રવિવાર, તા. ૧૮-૦૯-૨૦૨૨ના રોજ ટાગોર ખાતે યોજાયેલ સમાજના વાર્ષિક સંમેલનમાં સરસ્વતી સન્માનના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સમાજના ૪૩ તેજસ્વી વિદ્યાર્થીઓને સ્ટેજ ઉપર દાતાશ્રીઓના હસ્તે સન્માનિત કરવામાં આવેલ. જે માટેનો આર્થિક સહયોગ નીચેના દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત થયેલ છે.

*૧. માતુશ્રી વિમળાબેન શાંતિલાલ શાહ*
*હ. ડૉ. ધીરેન શાંતિલાલ શાહ*

*૨. માતુશ્રી પ્રભાબેન કાંતિલાલ સાવલા*
*માતુશ્રી પ્રભાબેન શાંતિલાલ સાવલા*
*શ્રીમતી શીતલબેન રૂપેશભાઈ સાવલા*

*૩. માતુશ્રી કાંતાબેન ખીમજીભાઈ મહેતા*
*હ. શ્રી રસીકભાઈ મહેતા*

*૪. માતુશ્રી કાંતાબેન ગોવિંદલાલ શાહ*
*ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય પરિવાર*
*શ્રીમતી શિલ્પીબેન પ્રકાશભાઈ શાહ*
*હ. મનુભાઈ શાહ*

સમાજ તેમનો ખૂબ ખૂબ આભારી છે.

## સમાજના તેજસ્વી તારલાઓ : વર્ષ - ૨૦૨૨

### ધોરણ-૧૦

૧. હેનીલ નિમેષ બીપેન્દ્ર ગોગરી
૨. ખેલીન દીપક કલ્યાણજી છેડા
૩. જિનેશ ધવલ નલીન મોમાયા
૪. જીયા ગૌતમ પ્રદીપ દૌલત
૫. તીર્થ પ્રિયેશ પ્રભુલાલ સંઘવી
૬. ઉમંગી ઉલ્લાસ મનુભાઈ શાહ
૭. મહેક જગજીવન ખેંગાર મહેતા
૮. જીયા હિરેન વિશનજી ગડા
૯. આર્ય પ્રશાંત મહેન્દ્ર ખોના
૧૦. કાવ્ય વિમલ મનસુખલાલ મહેતા
૧૧. યશસ્વી હિમાંશુ ઝવેરચંદ ખોના
૧૨. પૂજન અલ્કેશ કાંતિલાલ શાહ

### ધોરણ-૧૨

| | | |
|---|---|---|
| ૧. | દેવાંશી ગૌરાંગ જયેન્દ્રભાઈ ફોફલિયા | કોમર્સ |
| ૨. | વિરતી હર્ષદ વાડીલાલ મહેતા | કોમર્સ |
| ૩. | તન્વી નરેન્દ્ર હીરાચંદ દંડ | સાયન્સ |
| ૪. | વીત નવીન મુક્તિલાલ શાહ | કોમર્સ |
| ૫. | રીયા રાહુલ ભવાનજી નાગડા | કોમર્સ |
| ૬. | ધ્રુવીન મનીષ રમેશચંદ્ર સાવલા | સાયન્સ |
| ૭. | નમ્ર નંદન કાંતિલાલ શાહ (કોરડિયા) | સાયન્સ |
| ૮. | હીર નીલેશ હીરાલાલ કુબડિયા | સાયન્સ |
| ૯. | ભવ્ય વિમલ મનસુખલાલ મહેતા | સાયન્સ |
| ૧૦. | દેવાંશી અમિત પૃથ્વીરાજ શાહ (છેડા) | સાયન્સ |

### 3rd Year

| | | |
|---|---|---|
| ૧. | પ્રક્ષાલ ભાવેશ રજનીકાંત પારેખ | B.Sc. 3rd Yr. |
| ૨. | રૂતાંશુ હિતેશ ધીરજલાલ સંઘવી | BBA-III |
| ૩. | તીર્થ રાજેશ હરિલાલ મોરબીયા | B.Com. |

### 4th Year

| | | |
|---|---|---|
| ૧. | વિરાજ નીરવ રમણિકલાલ શેઠ | B.E. (I.T.) - 8 |
| ૨. | આદિત્ય કૌશલ ગુલાબચંદ શાહ | B.E. - Mech. |
| ૩. | મિત રાહુલ પ્રતાપ દંડ | MBBS-Final Yr. |
| ૪. | જીત રાહુલ પ્રતાપ દંડ | B.Tech.-Mech. |
| ૫. | ગૌરાંગ ગુલાબચંદ ભવાનજી મૈશેરી | B.E. – Mech. |
| ૬. | યશ અજય નાનજી રાંભિયા | B.E. - Com.Eng. |

### P.G. – I

| | | |
|---|---|---|
| ૧. | નિશાંત વિજય સ્વરુપચંદ કોરડિયા | B.E.-II Year |

### P.G. – II

| | | |
|---|---|---|
| ૧. | સમર્થ પીયુષ ભોગીલાલ શાહ | Master-Civil |
| ૨. | જય ભરત આણંદજી રાંભિયા | MBA-IV Sem. |
| ૩. | વિવેક રસિક ખીમજીભાઈ મહેતા | MD-Pediatrics |
| ૪. | નીલ રાજેશ રામજીભાઈ ગોગરી | CA |
| ૫. | દૃષ્ટિ અનિલકુમાર હેમચંદ મહેતા | Master in Cancer |
| ૬. | જેકીન કિરીટ પ્રેમજી નંદુ | Master |
| ૭. | જય મહેન્દ્ર દલસુખલાલ પૂજ | CFA |
| ૮. | રૂષિકા દર્શન બાબુભાઈ મહેતા | MBBS - Final |
| ૯. | ચિંતન અરવિંદ ખોડીલાલ કુબડિયા | M.Com. |
| ૧૦. | ચિંતક હિમાંશુ ઝવેરચંદ ખોના | CA Final |

*કન્વીનર - પુરસ્કાર સમિતિ*

## ભૂલ સુધાર : મંગલ મંદિર ● સપ્ટેમ્બર-૨૦૨૨

**પાના નં.-૫ ઉપર "સાભાર સ્વીકાર"ની વિગતમાં**

*નવનીત ફાઉન્ડેશન – મુંબઈ / અમદાવાદ તરફથી મળેલ રૂા. ૫૦,૦૦,૦૦૦/-* નું અનુદાન **નવનીત મેડિકલ સેન્ટર – બોપલ** માટે મળેલ છે તેમ સુધારીને વાંચવું.

# આંજો કાગર

★ રવિવાર, તા. ૧૮-૦૯-૨૦૨૨ના રોજે શ્રી સમાજ દ્વારા યોજાયેલ સ્નેહ મિલન કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો. બે વર્ષના કોરોનાના ઓછાયા ઉતર્યા બાદ ત્રીજા વર્ષે લગભગ ૬ થી ૯ કલાકના કાર્યક્રમની મજા સમાજના પરિવારોએ આનંદથી માણી. સંગીત, ભારત દર્શન, ઇનામ વિતરણ વગેરેના કાર્યક્રમની સફળતા સમાજના હોદ્દેદારોના શિરે જાય છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી તેમજ વિધાનસભાના અધ્યક્ષની અતિથિ વિશેષ તરીકેની હાજરીથી કાર્યક્રમની સફળતામાં ચાર ચાંદ લાગી ગયા.

આ પ્રસંગે સમાજના સભ્ય શ્રી મહેન્દ્રભાઈ દોશી લિખિત 'કચ્છી બોલી વિજ્ઞાન' પુસ્તકનું વિમોચન મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ. તે સમયે પુસ્તકના લેખક શ્રી મહેન્દ્રભાઈ દોશી, સહતંત્રી - મંગલ મંદિર હાજર હતા. આ પ્રસંગે તેમને પણ સ્ટેજ પર આમંત્રણ આપવામાં આવ્યું હોત તો સમાજના આવા પ્રતિભાશાળી લેખક, કે જે કચ્છી બોલીની ભાષાની માન્યતા માટે ભારત સરકારના ભાષા ગેઝેટમાં સ્થાન અપાવેલ તે અંગે કચ્છી પરિવારજનોને જાણ થાત અને મહેન્દ્રભાઈનું જાહેર સન્માન થાત. મારી જાણ મુજબ ગુજરાતી સાહિત્ય પરિષદના તત્કાલીન પ્રમુખ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પણ તેમના કચ્છી ભાષા અંગેના પ્રયત્નો બાબત સરાહના કરેલ હતી.

*દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ*

★ તા. ૧૮-૦૯-૨૦૨૨ના રોજનો વાર્ષિક ક્ષમાપના કાર્યક્રમ ખૂબ જ સરસ હતો. આનંદ થયો. આયોજન બિરદાવવા લાયક છે. પ્રોગ્રામના પાંચ ભાગ હતા. સંજોગવશાત ત્રણ ભાગ માણી શક્યા.

સમાજના તેજસ્વી સિતારાને બિરદાવવાનું કાર્ય સિતારા અને સમાજ માટે યાદગાર હોય છે. તેમની સિધ્ધિ જોઈ શેર લોહી ચડી ગયું.

'ભારત દર્શન'નો પ્રોગ્રામ માર્વેલસ હતો. ખૂબ સુંદર. બિરદાવવા માટે શબ્દો ઓછા પડે! છેલ્લે સુધી આખો હોલ ભરેલો હતો. ત્યાંથી ખસવું અશક્ય હતું. ચાલીસ વર્ષ પહેલા આ સ્ટેજ ઉપર અમે કરેલા પ્રોગ્રામની યાદ આવી ગઈ.

*ભાવના એસ. સંઘવી - અમદાવાદ*
*મો. ૯૪૨૯૨ ૦૧૩૯૩*

★ ભાષાશાસ્ત્ર આધારિત ભાષા શિક્ષણના આપના વિચારોને મૂર્તિમંત કરતા, સપ્ટેમ્બરના લેખમાં આપની (મહેન્દ્ર દોશીની) વિચક્ષણ પ્રસ્તુતિ વિષયને ચોટદાર - સટીક બનાવે છે.

*જયંતી જોષી 'શબાબ' - ભુજ, કચ્છ*

★ પાવન અવસર સંવત્સરી પર શતઃ શતઃ શુભેચ્છાઓ.

આપ તથા પરિવારનું ભાવિ જીવન સુખ, સમૃધ્ધિ અને સંતોષથી ભર્યું ભર્યું હો... એ જ ઈશ્વરને પ્રાર્થના.

*સાહિલ - રાજકોટ (મો. ૯૪૨૮૭ ૯૦૦૬૯)*

★ આપના દ્વારા સંશોધિત પુસ્તક 'કચ્છી બોલી વિજ્ઞાન' — મા. મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિમોચન થવા બદલ હાર્દિક અભિનંદન.

*ડૉ. દિનેશ જોશી - ભુજ*

★ मैं डॉ. विशाल वैद्य ३ दिन के लिए इस कच्छी विश्रामगृह - शाहीबागमें निवास किया था. मुझे यहां की सेवाए पसंद आयी.

मैं पेशन्ट्स को मुफ्त सेवा देने के लिये तैयार हुं. जब जरुरत पडे, मुझे फोन करें.

*डॉ. विशाल वैद्य*
*फोन : 90821 21648*

## ગ્રંથ સમીક્ષા : દખ્ખણનો દમદાર દેશ

### લેખક : શ્રી ભદ્રાયુભાઈ વચ્છરાજાની

કુલ ૧૦૬ પાનાના વિસ્તારમાં લેખકે જે દેશનો ભૌગોલિક વિસ્તાર અને જે દેશમાં ઘેટાઓ કરતાં પણ ઓછી જનસંખ્યાનો વિસ્તાર છે એવા દેશની મુલાકાત દરમ્યાન લેખકે અનુભવેલ સ્પંદનો અને ઉત્તેજનાની પળોને વાચીક શૈલીમાં સરળ, ટૂંકાક્ષરી વાક્યની રચનામાં નર્મ અને મર્મ સંદેશાના માધ્યમથી સાતત્ય જળવાઈ શકે તેવી રીતે પ્રવાસની રસ પડે તેવી જાણી અજાણી વાતો કુલ ૩૯ લેખોમાં ઓસ્ટ્રેલિયાનો પરિચય આપતો ગ્રંથ છે.

આમાં વિષયનું વૈવિધ્ય નથી કે વિષયોમાં વૈવિધ્યનો અવકાશ નથી કારણકે ઓસ્ટ્રેલિયાની મુલાકાતમાં તેમણે તે દેશની નયનરમ્ય પ્રકૃતિ અને ભૌગોલિક પરિસ્થિતિ સાથે લોકોની સુવિધા અને વ્યવસ્થાની, ત્યાંના વહીવટી તંત્રનું ૨૦૦ વિવિધ દેશની ભાષાઓ અને બોલીઓના ભાષકોનું ૬૮ જેટલા વિવિધ ભાષાના પ્રસારણના માધ્યમ દ્વારા સંધાણ અને જોડાણથી પ્રભાવિત લેખકે આપણી જાણકારીને પોતાના દેશ સાથે પારકા દેશની બાબતોની સહજ અને સ્વાભાવિક રીતે કરેલ સરખામણીને લેખકે તુલનાત્મકતાનો ભાવ પ્રગટ ન થાય તે માટે લેખક સતેજ રહ્યા છે.

આથી આ લેખોના સંપુટને પ્રવાસ નિબંધના વર્ગમાં વર્ગીકૃત ન કરતાં લેખકની મુલાકાત દરમ્યાન તેમણે અનુભવેલ સંવેદનોને વ્યક્ત કરતા લેખોનો સંપુટ છે. જેમાં જે મુલાકાત દરમ્યાન જે બાબતોનું નિરીક્ષણ કે લાગણી અનુભવી, તે લાગણીનાં પ્રભાવિત હોઈ તેના અંશોને તેમજ પોતાની સંવેદનાને સ્પષ્ટ કરવા માટે લેખકે લેખના મથાળે લેખનો વિષય અને વ્યંજનાને બે લીટીમાં મૂકીને લેખના વિષયને સ્પષ્ટ કરે છે. તેમજ ઓસ્ટ્રેલિયાની જાણી અજાણી અને અદ્‌ભુત એવી બીનાઓને મુલાકાત લેનાર રસ ઉત્પન્ન કરી થાય તેવી ઝીણી ઝીણી તેમજ અગત્યની તથા આપણા માટે નવી બાબતોને લેખની નીચે બે લીટીમાં મૂકી ઓસ્ટ્રેલિયાથી પરિચિત કરાવી અને વાચકોને "ચાલો... ઓસ્ટ્રેલિયાના પ્રવાસે..." માટે પ્રેરે છે.

*પ્રકાશક : ગૂર્જર પ્રકાશન.*

*કિંમત : રૂા. ૨૫૦/-*

*– મહેન્દ્રભાઈ દોશી*

કચ્છમાં જૈનોની નાની પંચતીર્થી : લેખાંક-૩

# નાની ખાખર, બિદડા અને જૈન આશ્રમનાં જિનાલયો



ભરત'કુમાર' પ્રા. ઠાકર

કચ્છના હરિયાળા અને રળીયામણા કંઠી પ્રદેશ (મુંદ્રા - માંડવી તાલુકા)માં આવેલ 'નાની જૈન પંચતીર્થી'ની આપણે યાત્રા કરી રહ્યા છીએ. ગત બે લેખાંકો (ઓગસ્ટ અને સપ્ટેમ્બર-૨૦૨૨)માં મુંદ્રા તાલુકાના મુંદ્રા, ભુજપુર અને મોટી ખાખરના છ જિનાલયોની વાત જોઈ ગયા. હવે માંડવી તાલુકાનાં નાની ખાખર, બિદડા અને જૈન આશ્રમનાં ત્રણ સુંદર દેરાસરોના દર્શન કરીએ...

## ચિંતામણિ પાર્શ્વનાથ : નાની ખાખર

નાની ખાખર ગામમાં નાની ખાખર જૈન સંઘ સંચાલિત ૧૩૩ વર્ષ જૂનું ચિંતામિ પાર્શ્વનાથ પ્રભુજીનું સુંદર જિનાલય આવેલું છે. આ પૂર્વાભિમુખ મનોહર દેરાસરના ગભારામાં વચ્ચે પ્રસ્થાપિત મૂળનાયક ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુ પ્રતિમાની જમણે ચંદ્રપ્રભુજી અને ડાબે પદ્મપ્રભુજીની મૂર્તિઓ બિરાજીત છે. સંવત ૧૯૪૦ (સન ૧૮૮૪)ના ફાગણ સુદ બીજના દિવસે ગામના મોવડી લધાભાઈ ગણપત શાહના હાથે દેરાસરનું ખાતમુહૂર્ત થયેલ.

દેરાસરમાં લાગેલા શિલાલેખો પ્રમાણે મહિમાસાગરજી વિનયસાગરજીના સદુપદેશથી નપુભાઈ ખેરાજ શાહ તરફથી આ નૂતન દેરાસર અને ઉપાશ્રય સંવત ૧૯૪૩ના શ્રાવણ સુદ પાંચમ અને ૨૫મી જુલાઈ, ૧૮૮૭ના બાંધવામાં આવ્યા હતા તથા સુમિતસાગરજી વિનયસાગરજીના હસ્તે તેની પ્રતિષ્ઠા થઈ હતી. તે પછી મૂળ પ્રતિષ્ઠા કાયમ રાખીને લધાબાપાએ સંવત ૧૯૮૫ (સન ૧૯૨૯)માં ચાર ગણા વિશાળ પટમાં નવીન રીતે સાદો પણ અતિ સુંદર જીર્ણોધ્ધાર કરાવેલો. તે વખતે દેરાસર અને દાતાના સંયુક્ત આર્થિક સહયોગથી રૂા. ૬૧,૦૦૦/-ના ખર્ચે પુનરૂદ્ધાર થયેલો.

દેરાસર સંકુલના દક્ષિણ વિભાગમાં હજારો ધાર્મિક - આધ્યાત્મિક પુસ્તકોનો સમૃદ્ધ સંગ્રહ ધરાવતો 'શાહ નાનજી લધાભાઈ જૈન જ્ઞાન ભંડાર' (સંવત ૨૦૦૬ / સન ૧૯૫૦) ખાસ જોવા જેવો છે. તેની બાજુમાં 'માતુશ્રી મેઘબાઈ કાનજી વીરા વિશ્રામધામ' (૨૦૪૭/૧૯૯૧) બનેલું છે. દેરાસરની બરાબર સામે દેઢિયા નુખનાં કુળદેવી 'મામલ માતાજીનું સ્થાનક' (૨૦૧૫/૧૯૫૯) આવેલું છે. ૧૯૮૭માં દેરાસરનો શતાબ્દી મહોત્સવ પણ ધામધૂમથી ઉજવાયો હતો. (મુખ્ય સ્રોત : 'નાની ખાખર કીર્તિસ્તંભ' ગ્રંથ, ૧૯૭૬)

## આદિનાથ દેરાસર : બિદડા

કચ્છી બિદડા વીસા ઓસવાળ જૈન દેરાવાસી સંઘ સંચાલિત અહીંના આદિનાથના નામે પ્રસિદ્ધ દેરાસર સંકુલમાં જૂનું આદિનાથ જિનાલય અને નૂતન મહાવીર સ્વામી જિનાલય આવેલાં છે. આદિશ્વર દાદાના ભવ્ય દેરાસરનું શિખર ખૂબ જ ઊંચું છે. તેથી બિદડાના દેરાસર વિશે કચ્છીમાં કહેવાયું છે કે, 'બધડા ગંજો ભારી, તેમેં દેરો હથ્થ ચારી!' (અર્થાત્ બિદડા ગામ ભવ્ય - મોટું છે અને તેમાં દેરાસર (શિખર) ચાલીસ હાથ ઊંચું છે). આજુબાજુના ઘણાં ગામો કરતાં અહીંની મુખ્ય પ્રતિમાઓનું કદ પણ ખૂબ મોટું છે.

બિદડા ગામમાં ગાંધી ચોકમાં જવાના રસ્તે 'ગણેશજીની દેરી' તરીકે ઓળખાતી જગ્યા આવેલી છે તે બિદડાનું મૂળ દેરાસર હતું. ગામમાં હાલનું દેરાસર જે જગ્યાએ આવેલ છે ત્યાં અગાઉ 'ગોરજીની પોશાળ' હતી. સંવત ૧૯૬૭ (સન ૧૯૧૧)માં નાના આસંબિયાના નથુ શાહ અને અન્ય સખી ગૃહસ્થોએ આ જગ્યાએ સર્વપ્રથમ 'ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુજીનું નાનું દેરું' બંધાવ્યું હતું (જે હાલના દેરાસરની અંદર દાખલ થતાં જમણી તરફ આવેલું છે). ત્યારબાદ ખીંસી હીરા ફુરિયા, માંડણ ઘેલાભાઈ નાગડા અને દેવજી હીરા ગજોડિયા – આ ત્રણ શ્રેષ્ઠી મોવડીઓએ દેરાસરનું નિર્માણ કાર્ય હાથ ધરેલું અને તત્પશ્રાત સંવત ૧૯૭૧ (સન ૧૯૧૫)ની શ્રાવણી પૂનમે હાલના જિનાલયની પ્રતિષ્ઠા થઈ હતી.

આ જૂના મુખ્ય જિનાલયમાં મૂળનાયક તરીકે જૈન ચોવીસીના પહેલા તીર્થંકર આદિશ્વર પ્રભુ બિરાજે છે. તેની જમણે વિમલનાથ, સુવ્રત સ્વામી અને ડાબે નેમિનાથ, સંભવનાથની મૂર્તિઓ છે. અંદર ઉપરની છતનો ગોળાકાર ગુંબજ અને તેમાં જડેલી વિવિધ ભાવવાહી મૂર્તિઓ તેમજ ગભારાના દરવાજાની આજુબાજુના સ્તંભો પરની સૂક્ષ્મ કોતરણીકળા ખાસ ધ્યાન ખેંચે છે.

આદિનાથ જિનાલયની આજુબાજુ જે બે નાના દેરા આવેલા છે તેમાં પ્રથમ જમણી બાજુ (ઉત્તર દિશા)ના 'પાર્શ્વનાથ પ્રભુના દેરા'માં ક્રમશઃ ચંદ્રપ્રભ, ચિંતામણિ પાર્શ્વનાથ, શાંતિનાથ તથા

ડાબી બાજુ (દક્ષિણ દિશા)ના 'નેમનાથ પ્રભુના દેરા'માં ક્રમશઃ અજિતનાથ, નેમનાથ, વાસુપૂજ્ય ભગવંતોની મૂર્તિઓ શોભાયમાન છે. દેરાસરના શિખર ઉપરની દેરીમાં ચંદ્રપ્રભ પ્રભુની પાંચ પ્રતિમાઓની સ્થાપના થઈ છે.

આદિનાથની પાછળ શાહ મુરજી દેવજીએ સંઘને અર્પણ કરેલ જગ્યામાં રૂપિયા પાંસઠ હજારના ખર્ચે મહાવીર પ્રભુના નૂતન જિનાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. જૂના જિનાલયના સુવર્ણ જયંતી મહોત્સવને પણ સાંકળી લઈને તે વર્ષમાં આ નવા જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ સંવત ૨૦૧૬ના ફાગણ સુદ ત્રીજ અને તારીખ ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૬૦ના ઉજવાયો હતો. અહીં મહાવીર સ્વામીની સુંદર ચૌમુખજી પ્રતિમા બિરાજીત છે. ઉપરાંત ચારે તરફની ભીંતો ઉપર લાગેલ નવ જૈન મહાતીર્થોનો ચિત્રપટ સંગ્રહ આકર્ષક છે.

દેરાસરની સામે 'શ્રીમતી રતનબેન પાલણ માણેક આરાધના હોલ' (૧૯૮૬) બાંધવામાં આવ્યો છે, જેમાં યાત્રાળુઓ વિશ્રાંતિ લઈ શકે છે. ઉપરાંત, બિદડામાં છ કોટી સ્થાનકવાસી જૈન સંઘ સંચાલિત જૈન અતિથિગૃહ (૧૯૮૨)માં પણ જૈનોને ઉતારા - ભોજનની વ્યવસ્થા અપાય છે. એ એક યોગાનુયોગ છે કે મોટી ખાખરની જેમ બિદડામાં પણ દેરાસરની પાસે લક્ષ્મી નારાયણનું પ્રાચીન મંદિર આવેલું છે!

બિદડા ગામની સામે પાર ઉત્તરે લગભગ દોઢેક કિ.મી.ના અંતરે વેલજીભાઈ ઠાકરશી ફુરિયા (૧૯૦૧-૧૯૬૬) દ્વારા સ્થાપિત 'સાધના આશ્રમ'માં આવેલ ધાર્મિક, આધ્યાત્મિક, દાર્શનિક, પૌરાણિક, ઐતિહાસિક, આરોગ્ય વગેરે વિષયોનાં લગભગ અઢી હજાર જેટલાં અલભ્ય પુસ્તકોથી સભર ભવ્ય જ્ઞાનભંડાર જેવું ગ્રંથાલય જ્ઞાનપીપાસુઓ અને રસજ્ઞોએ ખાસ જોવું રહ્યું. (મુખ્ય સ્રોત : 'બિદડા ગૌરવ ગાથા' ગ્રંથ, ૧૯૮૭)

## શાંતિનાથ દેરાસર : જૈન આશ્રમ

માંડવીથી બે કિ.મી.ના અંતરે નાગલપર (ઢીંઢ) ગામને અડીને માંડવી - ભુજ ધોરીમાર્ગ ઉપર કચ્છી જૈન સમાજની આદર્શ સંસ્થા 'મેઘજી સોજપાર જૈન આશ્રમ' આવેલ છે. જેમાં પ્રવેશતા જ જિન ચોવીસીના સોળમા તીર્થંકર શાંતિનાથના સુંદર જિનાલયનાં દર્શન થાય છે. મુખ્ય પ્રવેશદ્વાર આસપાસ બે સિંહોની, જિનાલય તરફ જતા રસ્તે બે નંદીની અને જિનાલય પાસે બે ગજરાજોની પ્રતિમાઓ આગંતુકોનું સ્વાગત કરે છે.

આશ્રમનાં મકાનો સાથે અહીંના જિનાલયનું બાંધકામ સંવત ૨૦૦૯-૨૦૧૩ દરમ્યાન પૂરૂં થયેલ તથા સંવત ૨૦૧૪ના જેઠ સુદ ત્રીજ અને તા. ૨૧મી મે, ૧૯૫૮ના ક્ષમાનંદજી મહારાજના હસ્તે આ દેરાસરની પ્રતિષ્ઠા થઈ હતી. અહીંનું દેરાસર સાદું છતાં આકર્ષક છે. મધ્યમાં મૂળનાયક શાંતિનાથજી ભગવાન, તેની જમણે આદિનાથજી અને ડાબે મુનિ સુવ્રતસ્વામી બિરાજમાન છે. ગભારાની ઉપર લક્ષ્મીજી અને તેની આસપાસ બે હાથીઓનું શિલ્પ ધ્યાન ખેંચે છે.

દેરાસરના ચારે ખૂણે પણ ભગવંતોનાં દેરા છે એ આ દેરાસરની વિશિષ્ટતા છે. ઈશાને સુમતિનાથ, વાયવ્યે ધર્મનાથ, નૈઋત્યે પાર્શ્વનાથ અને અગ્નિ કોણે મહાવીર સ્વામી એમ ચાર દેરાં છે. શાંતિનાથ જિનાલયની પાછળ 'તીર્થ ભુવન' તૈયાર કરવામાં આવ્યું છે, જેમાં જયપુર કારીગરીની આરસની દેરીમાં ચંદ્રપ્રભ સ્વામી બિરાજીત છે અને આસપાસ આઠ જૈન મહાતીર્થોનાં ઉપસાવેલાં આકર્ષક ચિત્રપટો મૂકવામાં આવ્યાં છે.

તીર્થ ભુવનની પાછળના ભાગે કુંથુનાથ, આદિશ્વર પાદુકા અને વાસુપૂજ્ય પ્રતિમાની ત્રણ દેરીઓ છે. આ તીર્થ ભુવનની પ્રતિષ્ઠા વિધિ પણ ક્ષમાનંદજી મહારાજના હસ્તે સંવત ૨૦૧૭ના જેઠ સુદ ત્રીજ, અને તા. ૧૬મી જૂન, ૧૯૬૧ના થઈ હતી. દેરાસર અને તીર્થ ભુવનની પાછળ સંવત ૨૦૧૨ (સન ૧૯૫૬)માં રૂ. ૧૧,૦૦૦ના ખર્ચે બંધાયેલ 'વેલજી ભારા (બગડા) ધાર્મિક હોલ' આવેલ છે. અહીં રહેવા - જમવાની સુવિધાઓ વિશાળ પાયે ઉપલબ્ધ છે.

***(આવતા ચોથા અને અંતિમ લેખાંકમાં માંડવી શહેરના સાત જિનાલયોની તવારીખ)***

**(ક્રમશઃ)**

***'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧,***
***ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ,***
***અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.***
***ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦***

## ગાંધી માર્ગ

*હજારો ને લાખો પગલાં એના*
*પગ પર મૂકાયા છે ને છાય*
*લોખંડી બુટોની એના દેહ પર*
*અંકાઈ છે બેસુમાર વાહનો*
*રોજ એના બદન પર હંકાય છે.*
*એને ગેસ ઝેરી પેટ્રોલનો એના*
*નાકમાં ભરાય છે પિચકારીઓ*
*પાનની એના મોં પર થૂંકાય છે*
*ને પશુઓનું મેલુ બધું*
*એના માથા પર લીંપાય છે*
*રોજ જોઉં છું એ દશ્ય ને દિલ*
*મારૂં દુભાય છે નામ છે*
*ગાંધી માર્ગ ત્યાં રોજ ગાંધીજી*
*કચડાય છે!*

**મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ**

# જળોત્સવે સર્જ્યો લોકોત્સવ

વનરાજસિંહ એચ. જાડેજા

ગુજરાતનું એકમાત્ર અનોખા જલોત્સવ સાથે અનુબંધ ધરાવતું તળાવ એટલે કે હમીરસર તળાવ. જે છલકે એટલે રાજાશાહી પરંપરા પ્રમાણે વાજતે ગાજતે એના વધામણા થાય અને લોકો આ જલોત્સવના ઉત્સવની અંદર સામેલ થઇ પોતાની સહભાગીદારી નોંધાવે અને કચ્છ માટે તો જળનું વિશેષ મહત્ત્વ છે. કચ્છની સૂકીભઠ્ઠ ધરા માટે કચ્છી ખમીરવંતી પ્રજાને પાણી માટે વર્ષોથી ઘેલું રહેલું છે અને જળનું મહત્ત્વ કચ્છી જનમાનસ વિશેષ રીતે સમજે છે.

જળ વગર જીવન નથી. માટે જ કહેવાયું છે કે જળ છે તો જીવન છે. અહીં વાત કરવી છે ભુજ કચ્છના હૃદય સમા હમીરસર તળાવની, કે જે છલકાય અને ઑગને એટલે તેમાં કચ્છ તેમજ બૃહદ્ કચ્છવાસીઓના હૈયા પણ ખુશીથી છલકી ઊઠે છે અને એની ઑગનના સમાચાર કચ્છ તેમજ બૃહદ્ કચ્છમાં પ્રસરી જાય છે અને એકબીજાને અરસ પરસ શુભેચ્છાઓ અપાય છે.

હમીરસર તળાવ ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજ શહેરમાં આવેલું ઐતિહાસિક માનવસર્જિત જોવાલાયક આ તળાવ ૨૮ એકરના વિસ્તારમાં ફેલાયેલું છે અને તેની આસપાસ સુંદર બગીચા આવેલા છે.

હમીરસર તળાવ ૪૫૦ વર્ષ જૂનું તળાવ છે અને તેનું નામ ભુજના સ્થાપક જાડેજા શાસક રાઓ હમીરજી (૧૪૭૨-૧૫૨૪) પરથી રાખવામાં આવ્યું છે. તળાવનું બાંધકામ રાઓ ખેંગારજી પ્રથમ (૧૫૪૮-૧૫૮૫)ના શાસન દરમિયાન કરવામાં આવ્યું હતું, જેમણે તળાવનું નામ તેમના પિતા હમીરજી પરથી આપ્યું હતું.

ખેંગારજીએ આ સ્થળની પસંદગી કચ્છના સૂકા અને ખારા વિસ્તારમાં રહેલા રણદ્વીપને જોઈને કરી હતી અને ભુજની પાણીની જરૂરિયાત નહેરો અને નદીઓના સંગમ વડે થઈ શકે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. ભુજને ૧૫૪૯માં કચ્છની રાજધાની જાહેર કરવામાં આવી હતી.

તળાવના કાંઠાનું બાંધકામ પ્રાગમલજી દ્વિતીય અને વધુ બાંધકામ ખેંગારજી તૃતીયના સમયમાં જયરામ રૂડા ગજધરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ બાંધકામ સ્થાનિક કડિયા સમુદાય - કચ્છના મિસ્ત્રીઓએ કર્યું હતું. જ્યારે હમીરસર તળાવ વરસાદના પાણીથી ભરાઈ જાય છે ત્યારે હમીરસર તળાવની પૂજા કરવામાં આવે છે અને પ્રસાદના લાડુ કે જેને “મેઘલાડુ” કહે છે, તેને નાગરિકોમાં વહેંચવામાં આવે છે.

ઈતિહાસના પાના ઉપર વર્ષ ૨૦૨૨માં ૨૬મી વખત હમીરસર ઓગન્યાની નોંધ થઈ ગઈ છે. હમીરસરની આજ પરંપરાના લીધે હમીરસર એ ભુજ કચ્છ તેમજ બૃહદ્ કચ્છવાસીઓના લોકહૃદય સ્થળ તળાવ તરીકે નામના ધરાવે છે. શહેરીજનોના હૃદય સમાન હમીરસર તળાવ જ્યારે ઑગને છે ત્યારે મેઘોત્સવ મનાવાય છે. આ તળાવ ૧૯૫૩થી ૨૦૨૨ સુધી ૨૬ વખત છલકાયું છે. તેને વધાવનારા નગરપતિઓની તવારીખ આ પ્રમાણે છે.

| ક્રમ | વર્ષ | નગરપતિ |
|---|---|---|
| ૧. | ૧૯૫૩ | કુંદનભાઈ ધોળકિયા |
| ૨. | ૧૯૫૬ | ડૉ. મહિપતરાય મહેતા |
| ૩. | ૧૯૫૯ | કૃષ્ણલાલ માંકડ |
| ૪. | ૧૯૬૧ | ભાઈલાલભાઈ પાઠક |
| ૫. | ૧૯૬૫ | ભાસ્કરભાઈ પંડ્યા |
| ૬. | ૧૯૬૭ | તુલસીદાસ ઠક્કર |
| ૭. | ૧૯૭૦ | કિશોરચંદ્ર બુચ |
| ૮. | ૧૭૭૫-૭૭ | બહાદુરસિંહ જાડેજા |
| ૯. | ૧૯૭૯ | મંગલભાઈ માહેશ્વરી |
| ૧૦. | ૧૯૮૦-૧૯૮૧ | હીરજીભાઈ ઠક્કર |
| ૧૧. | ૧૯૮૮-૧૯૮૯ | અરુણભાઈ વચ્છરાજાની |
| ૧૨. | ૧૯૯૨-૧૯૯૪ | મનુભાઈ ગજ્જર |
| ૧૩. | ૧૯૯૮ | પ્રવીણસિંહ વાઢેર |
| ૧૪. | ૨૦૦૩ | હંસાબેન તારાચંદ છેડા |
| ૧૫. | ૨૦૦૬-૨૦૦૭ | બાપાલાલ જાડેજા |
| ૧૬. | ૨૦૧૦ | દેવરાજભાઈ ગઢવી |
| ૧૭. | ૨૦૧૧ | શંકરભાઈ ઠક્કર |
| ૧૮. | ૨૦૧૩-૨૦૧૫ | હેમલતાબેન ગોર |
| ૧૯. | ૨૦૨૦ | લતાબેન સોલંકી |
| ૨૦. | ૨૦૨૨ | ઘનશ્યામભાઈ ઠક્કર |

વર્ષ ૨૦૨૨ સુધી ભુજના કુલ ૪૩ નગરપતિ પૈકી ઉપરની યાદી મુજબનાને આ તળાવ વધાવવાનો અવસર પ્રાપ્ત થયો છે. જેમાં ૧૯૯૨થી ૧૯૯૪માં વહીવટદારે વધામણા કર્યા હતા.

વરસાદી મહેર થકી તળાવ તો અનેક ઑગનતા હશે, તેના વધામણા પણ કરાય પરંતુ ગુજરાત રાજ્યનું સંભવતઃ એકમાત્ર ભુજનું હમીરસર તળાવ છલકે એટલે સમગ્ર શહેરમાં પણ એ ઉત્સવનો આનંદ પણ છલકે અને ઉત્સવની ઉજવણી થાય. તેની સાથે સાથે મેઘલાડુનું જમણ પણ યોજાય. આ ઉપરાંત એક દિવસની જાહેર રજા પણ જાહેર કરવામાં આવે. ભુજના હૃદય સમાન હમીરસર સાથે શહેરીજનોની અનોખી લાગણી સંકળાયેલી છે. થોડા વરસાદમાં પણ લોકો તળાવમાં કેટલું પાણી આવ્યું તે નિહાળવા ચોક્કસ નીકળી પડતા હોય છે. તો વરસાદ ન પડવાથી આ તળાવની છાતી પર પડેલા સૂકી માટીના લીસોટાનું દર્દ પણ એક ભુજ કચ્છવાસીઓ મહેસુસ કરતા હોય છે. ત્યારે હમીરસર તળાવ પાણીથી છલોછલ હોય તેનો આનંદ અનેરો જ હોય છે.

હમીરસર તળાવના વધામણા સાથે મેઘલાડુની પરંપરા પણ અવિરત રહી છે. લોકો ખુશીના પ્રસંગે મોઢું મીઠું કરાવતા હોય છે. જ્યારે હમીરસર તળાવ ઓગને ત્યારે એ સમગ્ર જીલ્લા માટે ઉત્સવ સમાન બની રહે છે અને તળાવ છલકાવાની ખુશીમાં શહેરના પ્રથમ નાગરિક એવા સુધરાઈના પ્રમુખ મેઘલાડુનું ભોજન પણ યોજે છે. આવી જ એક અન્ય પરંપરા પણ રાજાશાહી વખતથી ચાલી આવે છે. જેમાં હમીરસર તળાવ ઑગને એટલે સ્થાનિક રજા જાહેર કરવામાં આવે છે. આમ, મેઘલાડુ અને સ્થાનિક રજા ભુજ શહેરની એક વિશેષતા છે.

વિધિવત મેઘલાડુના જમણનો આરંભ ૧૯૬૫માં નગરપતિ ભાસ્કરભાઈ પંડ્યાએ કર્યો હતો પણ એ જમણ માત્ર નગરસેવકો અને કર્મચારીઓ પૂરતું જ હતું. આ પરંપરામાં ૧૯૭૦થી બદલાવ આવ્યો અને આ ભોજનમાં શહેરના અગ્રણી નાગરિકો, વકીલો અને સમાજના દરેક વર્ગના આગેવાનોને આમંત્રણ આપવાનું શરૂ થયું. પહેલા આ જમણને પાર્ટીનું નામ અપાતું પરંતુ તત્કાલીન નગરપતિ કિશોરચંદ્ર બુચે અન્ય વર્ગને સામેલ કર્યા અને શ્રી બુચના પત્ની મૃદુલાબેને આ ભોજનને મેઘલાડુનું નામ આપ્યું. ૧૯૭૦ બાદ જ્યારે જ્યારે હમીરસર તળાવ ઑગને છે ત્યારે તે સમયના નગરપતિ દ્વારા મેઘલાડુનું આયોજન કરાતું આવ્યું છે. જો કે ૧૯૭૯માં મોરબી હોનારત સમયે કચ્છમાં અતિવૃષ્ટિ થતાં નગરપતિ મંગલભાઈ માહેશ્વરીએ મેઘલાડુનો કાર્યક્રમ રદ કર્યો હતો, તો ૨૦૦૩માં શહેરમાં મોટી માત્રામાં પાણી ભરાતા, નગર અધ્યક્ષા હંસાબેન છેડાએ મેઘલાડુ માટે તૈયાર કરાયેલું ભોજન અસરગ્રસ્તોને મોકલી આપ્યું હતું. માત્ર ભુજ કે કચ્છવાસીઓ જ નહીં પણ બૃહદ્ કચ્છમાં વસેલા કચ્છીઓ પણ હમીરસર ઓગન્યાની ખુશીમાં મેઘલાડુના ભોજનનું આયોજન કરતા હોય છે.

*પ્રવાસી શિક્ષક, ઉચ્ચતર માધ્યમિક વિભાગ,*
*શ્રી ઇન્દ્રાબાઈ ગર્લ્સ હાઇસ્કૂલ, ભુજ, કચ્છ.*
*મો. ૮૪૪૯૧ ૮૪૦૧૧*

## ડરની બીમારી ● ભાગ-૪ : સારવાર

**(અનુસંધાન : પાના નં. – ૩૦ ઉપરથી ચાલુ)**

**૨.૨ ડરની વૈજ્ઞાનિક નોંધ તથા ડરની માત્રા ચઢતા ક્રમમાં :**

વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુથી ડર લાગતો હોય તેની વૈજ્ઞાનિક નોંધ વ્યક્તિ બનાવે છે. થેરાપિસ્ટ દર્દી આ નોંધ વૈજ્ઞાનિક રીતે તૈયાર કરવામાં મદદ કરે છે. દર્દી ડરના વિશેના વિચારોની નોંધ બનાવી, એને થતા ડરને માત્રા (Degree) આપે છે. દા.ત. પરીક્ષાનો ડર અને તેની માત્રા. પરીક્ષા ત્રણ મહિના પછી છે – ૩૦% ડર, પરીક્ષા બે મહિના પછી છે – ૪૫% ડર, પરીક્ષા પંદર દિવસ પછી છે – ૬૫% ડર, પરીક્ષા આજે છે – ૯૦% ડર, પરીક્ષા માટે ઘરથી નીકળવાનું – ૯૫% ડર, પરીક્ષા હોલમાં દાખલ થવાનું – ૧૦૦% ડર.

દરેક પરિસ્થિતિને માત્રા પ્રમાણે ચઢતા ક્રમમાં ગોઠવી સંપૂર્ણ લીસ્ટ તૈયાર કરવામાં આવે છે.

**૨.૩ સિસ્ટમિક ડીસેન્સિટાઇઝેશન :**

પ્રથમ દર્દી સેશનમાં સંપૂર્ણ શિથિલતા મેળવે છે (Complete Relaxation). ત્યારબાદ આ અવસ્થામાં ઉપરોક્ત લીસ્ટમાંથી પ્રથમ પરિસ્થિતિ (સૌથી ઓછી માત્રાવાળી) મનમાં વિચારવાનું કહેવામાં આવે છે. શરૂઆતમાં ડરની લાગણી આ રીલેક્સ અવસ્થામાં ઉત્પન્ન થાય છે પરંતુ દર્દી આ શિથિલ અવસ્થામાં ડર પર કાબૂ મેળવે છે અને આંગળી ઉપર કરીને નિશાની કરે છે કે હવે ડર લાગતો નથી. ત્યારબાદ થેરાપિસ્ટ લીસ્ટમાંની બીજી પરિસ્થિતિ વિચારવાનું કહે છે. આ ડર પર કાબૂ મેળવ્યા બાદ ત્રીજી, ચોથી એમ કરતા છેવટની પરિસ્થિતિ પર કાબૂ મેળવવામાં દર્દી સફળ થાય છે. પરિસ્થિતિ વિચારવા છતાં ડર લાગતો નથી. સ્નાયુઓ રીલેક્સ રહે છે.

મનમાં મેળવેલ આ કાબૂ ધીમે ધીમે જીવનમાં પણ ડરની પરિસ્થિતિ પર પણ કાબૂ મેળવવા દર્દી સફળ થાય છે.

*(ક્રમશઃ)*

*મકાન ગમે તેટલું મોટું હોય, એનો દરવાજો તો નાનો જ હોવાનો! ગાડી ગમે તેટલી લાંબી હોય, એને જોડાયેલું એન્જિન તો નાનું જ હોવાનું! શરીર ગમે તેટલું મોટું હોય, એમાં ધબકી રહેલ હૃદય તો નાનું જ હોવાનું!*

*જીવનને સદ્‌ગુણોથી હર્યુંભર્યું બનાવી દેવું છે? એક નાનકડા સત્કાર્યથી એની શરૂઆત કરી દો. બની શકે કે સત્કાર્યનો ખૂલતો આ નાનકડો દરવાજો જ તમને સદ્‌ગુણોના વિરાટ મહેલમાં પ્રવેશ કરાવી દે!*

સ્વાસ્થ્ય

# ડરની બીમારી

## (PHOBIA DISORDER)

## ભાગ-૪ : સારવાર


ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)


ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા
બાળ મનોચિકિત્સક)

આપણે જાણ્યું કે ડરની બીમારી (Phobic Illness)નું નિદાન નીચેના મુદ્દાઓને ધ્યાનમાં લઈને કરાય છે.

૧. વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુનો ડર સામાન્યથી ખૂબ જ વધારે હોય છે.

૨. વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુથી વ્યક્તિ કોઈપણ હિસાબે દૂર ભાગે છે.

૩. સામાન્ય જીંદગી જીવવા માટે પરાણે ડરને લીધે બાંધછોડ કરવી પડે છે (લીફ્ટમાં જવાનો ડર હોય તો એ વ્યક્તિ મકાનના દસથી પણ વધારે દાદરા ચડીને જાય છે.)

૪. ડરને લીધે વ્યક્તિમાં ક્ષમતા હોવા છતાં ગુણવત્તાભર્યું જીવન જીવવામાં બાંધછોડ કરવી પડે છે (રાત્રે એકલા રહેવાનો ડર હોય એ વ્યક્તિ સારી નોકરીમાં રાત્રે બહારગામ રોકાવું પડે એવી નોકરી સ્વીકારતા નથી.)

૫. ડરની બીમારીમાં મગજના જ્ઞાનતંતુઓમાં કેમિકલ ફેરફારો થાય છે. મગજમાં લિમ્બિક સિસ્ટમમાં આવેલ બદામ આકારનું અવયવ 'એમિગડેલા' ડરનું મુખ્ય કેન્દ્ર છે.

૬. વ્યક્તિને ડરની બીમારી થશે કે નહીં એ એમિગડેલાના કદ, રચના, કાર્યશક્તિ પર આધાર રાખે છે તથા એમાં થતા ન્યુરોટ્રાન્સમિટર્સના (કેમિકલ) ફેરફારો પર આધારીત છે.

૭. ડરની બીમારી માટે અનુવાંશિક (જીનેટીક) મુદ્દો મહત્ત્વનો મુદ્દો છે.

***આ લેખમાં ડરની બીમારીની સારવાર વિશે જાણીએ.***

● **સારવાર :**

ડરની બીમારીની સારવારને ચાર ઉપ-વિભાગમાં વહેંચવામાં આવે છે : (૧) દવાઓ, (૨) બિહેવિયર થેરાપી, (૩) કાઉન્સેલિંગ, (૪) પરિવારજનોનો સમજણપૂર્વકનો સાથ સહકાર.

**૧. દવાઓ :**

ડર પ્રતિરોધક દવાઓ (Anti Phobia Medication) ખૂબ જ અસરકારક દવાઓ છે. ડરની બીમારીમાં એમિગડેલા તથા એની જોડે સતત સંપર્કમાં રહેતા અન્ય લિમ્બિક સિસ્ટમના અવયવોમાં થયેલ કેમિકલ - ન્યુરોટ્રાન્સમિટર્સના નકારાત્મક ફેરફારોને આ દવાઓ નોર્મલ કરે છે. આથી શારીરિક લક્ષણો કાબૂમાં આવે છે (હૃદયના ધબકારા નોર્મલ થાય છે, ગભરામણ કાબૂમાં આવે છે, પરસેવો બંધ થાય છે, મન શાંત થાય છે, આત્મવિશ્વાસ વધે છે વગેરે). આને લીધે મનોબળ વધે છે તથા વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુનો સામનો કરવાની માનસિક ઊર્જામાં વધારો થાય છે.

હૃદયની બીમારીમાં દુઃખાવો થાય ત્યારે જીભ નીચે ગોળી મૂકીએ છીએ અને દુઃખાવો કાબૂમાં આવે છે. તેવી જ રીતે ડર પ્રતિરોધક દવાઓ જીભ નીચે મૂકાય છે. ગોળી તરત જ ઓગળી જઈ લોહીમાં ભળી જાય છે અને પાંચ જ મિનિટમાં અસર વર્તાય છે અને મનોબળ વધે છે. જ્યારે પણ વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુનો સામનો કરવાનો આવે ત્યારે ગોળી જીભ નીચે વ્યક્તિ મૂકે છે તથા ડરનો સામનો કરી શકે છે. જ્યારે ડરનો પ્રત્યક્ષ સામનો કરવાનો હોય ત્યારે એકાદ કલાક પહેલા આ દવા લેવાથી ડરની પ્રક્રિયા શરીરમાં થતી નથી. શારીરિક તેમજ માનસિક લક્ષણો ઉત્પન્ન થતા નથી. રેલવે કે વિમાનમાં મુસાફરીની એક કલાક પહેલાં, પરીક્ષાના એક કલાક પહેલાં, પ્રાર્થનાસભામાં કે મરણના પ્રસંગમાં જતા પહેલા આ દવા લેવાથી ડર લાગતો નથી અથવા ઘણો જ ઓછો ડર લાગે છે, જે કાબૂ કરી શકાય છે.

**૨. કોગ્નિટીવ બિહેવિયર થેરાપી (સી.બી.ટી.) :**

ડરની બીમારી માટે વિશિષ્ટ પ્રકારની પદ્ધતિનો ઉપયોગ થાય છે.

**૨.૧ જેકોબસન્સ પ્રોગ્રેસીવ મસ્ક્યુલર રીલેક્સેશન :**

આ પદ્ધતિમાં વ્યક્તિને આખું શરીર ખાસ કરીને સ્નાયુઓ શિથિલ રાખતા શીખવાડવામાં આવે છે. પગથી શરૂ કરી ધીમે ધીમે મસ્તક સુધના બધા સ્નાયુઓ શિથિલ (રીલેક્સ) કરવાના હોય છે. થેરાપિસ્ટ અઠવાડિયામાં એક કે બે સેશન્સ પોતાની દેખરેખમાં શીખવાડે છે, જે ૪૦થી ૪૫ મિનિટનું હોય છે. દર્દીએ આ જ પ્રકારના સેશન્સ દરરોજ ઘરે પ્રેક્ટીસ કરવાના હોય છે. આ હોમ સેશન્સ મહત્ત્વના છે. ૬ થી ૧૦ સેશન્સમાં દર્દી સંપૂર્ણ શિથિલતા મેળવી લે છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૯ ઉપર)

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૧૪


### શ્રી વંથલી તીર્થ
### (શ્રી શીતલનાથ ભગવાન)



ગિરનાર તીર્થનો જીર્ણોધ્ધાર કરનાર સિદ્ધરાજ જયસિંહના મંત્રી સજ્જન શ્રેષ્ઠીની આ જન્મભૂમિ છે. એમ કહેવાય છે કે જૈન શ્રેષ્ઠીઓની કીર્તિગાથાનો ધ્વજ આ ગામમાં લહેરાતો હતો અને પ્રાચીનકાળમાં વંથલી ગામ 'વામનસ્થલી' તરીકે પ્રસિદ્ધ હતું. ગૂર્જર નરેશ સિધ્ધરાજને એમ જાણ થઈ કે મહામાત્ય સજ્જન શ્રેષ્ઠીએ સોરઠની ઉપજના ધનથી ગિરનાર તીર્થનો જીર્ણોધ્ધાર કર્યો ત્યારે એ ગુસ્સે થયા. પરંતુ એને શિક્ષા કરવા માટે સિદ્ધરાજ જયસિંહે સોરઠ આવ્યા, પણ એ પહેલા વંથલીના એક જૈન શ્રેષ્ઠીએ વ્યાજ સાથે લાખો રૂપિયા આપવાનો સજ્જન મંત્રી સમક્ષ નિર્ણય જાહેર કર્યો. સિદ્ધરાજે જ્યારે ગિરનાર પરનું મંદિર પોતાના પિતા કર્ણરાજના સ્મરણ રૂપે 'કર્ણવિહાર'ને નામે પ્રસિદ્ધ થયેલું સાંભળ્યું ત્યારે એમને સજ્જન મંત્રી તરફ અપાર હર્ષની લાગણી થઈ. સિદ્ધરાજ જયસિંહે ખુશ થઈને તમામ ખર્ચ માંડી વાળ્યો. સજ્જન મંત્રીએ તૈયાર રાખેલા પૈસાનો અસ્વીકાર કર્યો. કહે છે કે, એ ધન વંથલીમાં જૈન મંદિર કરવા માટે વાપરવામાં આવ્યું. પરંતુ આજે આ મંદિર ક્યાંય દેખાતું નથી. માત્ર અહીંની મસ્જિદનું સ્થાપત્ય જોતાં એમ લાગે છે કે આ મસ્જિદ પૂર્વે જિનમંદિર જ હશે. અહીં ગાંધી બગીચાની જમીનમાંથી શ્રી શીતલનાથ ભગવાનની પ્રતિમા મળી છે. અહીંના સૂર્યકુંડના ગોખલામાં પણ ત્રણ કાયોત્સર્ગ લીન મૂર્તિઓ છે. આજે અહીં એક જ સ્થળે બે જિનમંદિર છે જેમાં પ્રાચીન મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. અહીંથી સાત ગાઉ દૂર ઓરમ પહાડ પર આવેલા કિલ્લામાં પણ જિન મંદિરોના પથ્થરનો ઉપયોગ થયેલો જણાઈ આવે છે. સંસારના સંતપ્ત પ્રાણીઓને શીતલનાથ ભગવાનનું મંદિર શીતળતા આપે છે.

## તીર્થ દર્શન-૧૫

### શ્રી જામનગર તીર્થ
### (શ્રી આદિશ્વર ભગવાન)



ચૌદ ભવ્ય જિનાલયોથી પ્રસિદ્ધ એવું જામનગર તીર્થ જૈનોના યાત્રાધામ તરીકે જાણીતું છે. શત્રુંજયની પ્રાચીન ટૂંકનો ખ્યાલ આપે તેવા ભવ્ય અને અનોખા જિનાલયો આ નગરમાં આવેલા છે. વિ.સં. ૧૯૫૬ના શ્રાવણ સુદ ૭ના દિવસે જામ રાવળે આ નગરની સ્થાપના કરી. તેને નવાનગર એવું નામ આપ્યું. આ નગરની સ્થાપના અને વિકાસમાં જૈનોનો ફાળો ઘણો મહત્ત્વનો બની રહ્યો. એક રીતે તો નગરની સ્થાપના સાથે જ જિનાલયોના ઇતિહાસનો આરંભ થયો છે. ચૌદમાંથી છ જિનાલયો તો ૩૦૦-૩૫૦ વર્ષ પહેલાના છે, જ્યારે બાકીના પચાસેક વર્ષ પહેલાના છે. નગરના મધ્ય ભાગમાં આવેલું જિનાલય શેઠના મંદિરના નામે જાણીતું છે. આ જિનાલયનું ખાતમુહૂર્ત વિ.સં. ૧૬૩૩માં જામ સતાજીના રાજ્યકાળમાં શ્રી આણંદ શેઠે કર્યું હતું. વિ.સં. ૧૯૫૧માં શ્રી વિજયદેવસૂરિજીના સુહસ્તે આદિનાથ ભગવાનની મૂળનાયક તરીકે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ જિનાલયની નજીકમાં જ શ્રી વર્ધમાન શાહ અને શ્રી પદમસિંહ શેઠે બનાવેલું વિશાળ જિન ચૈત્ય છે. શ્રી શાંતિનાથ ભગવાનની આમાં પ્રતિષ્ઠા કરવામાં આવી છે અને આજુબાજુ બાવન દેરીઓ રચવામાં આવી છે. અહીંના ચોરીવાળા મંદિર તરીકે જાણીતા જિન મંદિરમાં શ્રી નેમિનાથ ભગવાનની દેરી પાસે પથ્થરની ચોરીની સુંદર રચના કરવામાં આવી છે. આ જિનાલયની શ્રી નેમિનાથ ભગવાનની દેરી પાસે પથ્થરની ચોરીની સુંદર રચના હોવાથી તેનું આવું નામાભિધાન થયું છે. વિશાળતા અને બાંધણીની દૃષ્ટિએ આ જિનાલય જૈન શિલ્પકળામાં આગવું સ્થાન મેળવે છે. આ ઉપરાંત અન્ય જિનાલયો મળીને આજે ચૌદ જેટલા મંદિરો નગરની શોભામાં અને યાત્રાળુઓની ભાવનામાં અભિવૃદ્ધિ કરે છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

## NanoNine® શબ્દ રમત-૧૮૭

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | | | | | ૬ |
| | ૭ | | | | ૮ | | | | | ૯ | |
| | ૧૦ | | ૧૧ | ૧૨ | | | | ૧૩ | ૧૪ | | |
| ૧૫ | | | ૧૬ | | | | ૧૭ | | ૧૮ | | ૧૯ |
| ૨૦ | | | ૨૧ | | | ૨૨ | | | | ૨૩ | |
| | | ૨૪ | | | ૨૫ | | | | ૨૬ | | |
| ૨૭ | | | | ૨૮ | | | ૨૯ | ૩૦ | | ૩૧ | |
| | | | | ૩૨ | ૩૩ | | | | | ૩૪ | ૩૫ |
| ૩૬ | ૩૭ | | | ૩૮ | | | ૩૯ | | ૪૦ | | |
| ૪૧ | | | ૪૨ | | | | ૪૩ | | | ૪૪ | |
| | | ૪૫ | | | | | ૪૬ | | | | ૪૭ |
| ૪૮ | | | | | | ૪૯ | | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૧૦-૨૦૨૨ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. ચીનના રાષ્ટ્રપતિ (૪)
૪. નવેસર ચરવું તે, પુનઃ ઘટના (૫)
૭. ____નું નામ મરી ન પાડે (૨)
૮. સોગન, સરખું, સમાન (૨)
૯. પ્રમાણ, આકાર, શારીરિક બાંધો (૨)
૧૦. નળ જેવા આકારનું (૪)
૧૩. ગામનું પાદર, ચકલું (૩)
૧૬. ટુકડો (૩)
૧૮. રત્ન, આંખની કીકી (૩)
૨૦. રીતિ, પધ્ધતિ, કરકરિયાવર (૨)
૨૧. લવણ, મીઠું, નમક (૨)
૨૨. નારાયણ નારાયણ રટનાર મુનિ (૩)
૨૩. અવાજ, ધ્વનિ, નાદ (૨)
૨૪. કદાપી, ક્યારેક પણ (૨)
૨૫. આય, આવક (૨)
૨૭. આખું, ખંડિત ન થયેલું (૩)
૨૯. ભોમિયો (૪)
૩૨. ચંચળ, હોંશિયાર, ચાલાક (૩)
૩૪. ઢગલો, ગંજ (૨)
૩૬. કૂંચી, ઉપાય (૨)
૩૮. નારી, સ્ત્રી, પાણી (સં) (૨)
૩૯. જુઠું, ભૂલ ભરેલું (અરબી) (૩)
૪૧. અણુ, જરાક (૨)
૪૨. પુત્ર, કામદેવ (૩)
૪૩. દાણાવાળું લાલ રંગનું ફળ (૩)
૪૫. લાંબો ડગલો (૪)
૪૬. શ્રાવણ માસના પહેલા રવિવારે આવતો ભાઈ-બહેનનો તહેવાર સૌરાષ્ટ્રમાં ઉજવાય છે (૫)
૪૮. તાકાત, મગદૂર, શક્તિ, અગ્નિદાહ (૨)
૪૯. ____ વગરનો નાથિયો, નાણે નાથાલાલ (૨)

### ઊભી ચાવીઓ

૨. નમસ્કાર, વંદન (૩)
૩. રાજા ભર્તૃહરિની માનીતી રાણી (૩)
૪. રેસો, રસવાહિની (૨)
૫. ઊલટી, બકારી (૩)
૬. સીમા, મર્યાદા (૨)
૭. અંતઃકરણ, દિલ (૨)
૯. શરીરની પીડા, કળ, વેદના (૪)
૧૧. આજીજી, કાલાવાલા (૪)
૧૨. એકની એક વાત વારંવાર બોલવી, રટવું તે (૩)
૧૪. પુરોહિત, પંડો (૨)
૧૫. પરેજી (૨)
૧૭. ચંચળ, જાસુસ, બાતમીદાર (૨)
૧૯. નવલું (૩)
૨૨. હોડી, વહાણ (૨)
૨૪. હાથનું એક ઘરેણું, કલ્લી (૩)
૨૬. પાણી, તેજ (૨)
૨૭. બળાત્કાર, જોર, જુલમ (૪)
૨૮. નવું રચવાનું હોય તેવું (૫)
૩૦. સીપાઈ, પટાવાળો (૫)
૩૧. લગની, હઠ (૨)
૩૩. પારકું (૩)
૩૫. લડાઈનું એક હથિયાર (૨)
૩૭. વીજળી, વિદ્યુત (૨)
૪૦. તલપવું, તલસવું (૪)
૪૨. આંચકો, ધક્કો (૨)
૪૪. મસો, મિષ, બહાનું (૨)
૪૬. બીન (૨)
૪૭. ચીરો, લૂગડાનો લાંબો કકડો (૨)

### શબ્દ રમત-૧૮૬
**(જવાબો : આવતા અંકમાં)**

*બેંકમાં હું પૈસા ભરું છું અને રકમને ચોપડામાં હું 'જમા' ખાતે લખું છું. સત્કાર્યોમાં હું જે પણ રકમ ખર્ચું છું, એ રકમને હું ચોપડામાં 'ખર્ચ' ખાતે લખું છું.*

*આ હકીકતથી જ ખ્યાલ આવી જાય છે કે મને સત્કાર્યો પ્રત્યે કેવી અને કેટલી શ્રદ્ધા છે! આવી નબળી શ્રદ્ધા મારું ઠેકાણું શેં પડવા દેશે?*

કમાલ છે ને? સામાના લાખ આગ્રહ છતાં હું આગ પર નથી જ ચાલતો. સામાની લાખ ઈચ્છા છતાં હું મોઢામાં કાદવ નથી જ નાખતો. સામાની પ્રચંડ લાગણી છતાં હું આઠમા માળેથી કૂદકો નથી જ લગાવતો. પણ પાપો જ્યારે પણ હું કરી લઉં છું અને એ બદલ મને કોઈ પડકારે છે કે ઠપકો આપે છે ત્યારે હું એને તુર્ત સંભળાવી દઉં છું કે 'મારી તો કોઈ ઈચ્છા જ નહોતી, પણ પરિસ્થિતિ જ એવી સર્જાઈ ગઈ કે મારે પાપો કરવા જ પડ્યા!'

આને કહેવાય હોંશિયારી!

★

મકાન સાથે જીવનારો માણસ મકાન માટે નથી જ જીવતો. ભોજન સાથે જીવનારો માણસ ભોજન માટે નથી જ જીવતો. વસ્ત્રો સાથે જીવન જીવનારો માણસ વસ્ત્રો માટે જીવન નથી જ જીવતો. પણ કરુણતા માણસના મનમાં એ સર્જાઈ છે કે એ પૈસા સાથે જીવન નથી જીવતો પણ પૈસા માટે જ જીવન જીવી રહ્યો છે.

'સાથે'નું સ્થાન જ્યારે 'માટે' લઈ લે ત્યારે જીવનમાં કેવી અરાજકતા વ્યાપી જાય એ જોવું હોય તો આજના ધનલંપટોને જોઈ લેવા જેવા છે.

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૧૪૫ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૧૦-૨૦૨૨ સુધીમાં મોકલી આપવા વિનંતી.

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૪૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | | 5 | | | 7 | |
| 8 | 7 | | | 1 | 6 | 4 | | |
| 1 | | | 8 | | | 6 | 5 | 9 |
| 4 | | | 2 | | 1 | | | 3 |
| | | 1 | | | | 7 | | |
| 3 | | | 7 | | 4 | | | 5 |
| 2 | 1 | 8 | | | 7 | | | 6 |
| | | 4 | 6 | 8 | | | 1 | 7 |
| | 6 | | | 2 | | 3 | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 9 | | 5 | 6 | | 4 | | |
| | | 6 | | 9 | | 5 | | 2 |
| 1 | | 3 | | | | | 6 | 8 |
| 3 | | | 7 | | | | 4 | |
| | 7 | 9 | | 4 | | 1 | 2 | |
| | 8 | | | | 9 | | | 6 |
| 7 | 6 | | | | | 3 | | 1 |
| 5 | | 8 | | 1 | | 2 | | |
| | | 4 | | 3 | 5 | | 8 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | | 8 | | | | 4 | |
| 1 | 2 | 9 | | | 5 | 3 | | |
| | | | | | 3 | | 5 | 9 |
| | | | 4 | 3 | | 6 | 8 | 1 |
| 4 | | | | 1 | | | | 2 |
| 2 | 1 | 8 | | 5 | 6 | | | |
| 9 | 8 | | 3 | | | | | |
| | | 4 | 1 | | | 8 | 2 | 3 |
| | 3 | | | | 7 | | 1 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | | | | | | 3 | 2 | |
| | 2 | 1 | | 6 | | | | 7 |
| | | 6 | 7 | | | | 4 | |
| | | | 8 | | 3 | | 7 | 2 |
| 6 | 8 | | | 2 | | | 1 | 3 |
| 3 | 4 | | 6 | | 1 | | | |
| | 9 | | | | 7 | 2 | | |
| 8 | | | | 1 | | 7 | 5 | |
| | 7 | 5 | | | | | | 9 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૪૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 7 | 9 | 2 | 8 | 6 | 3 | 5 | 4 |
| 4 | 2 | 8 | 1 | 5 | 3 | 7 | 6 | 9 |
| 5 | 6 | 3 | 9 | 7 | 4 | 8 | 1 | 2 |
| 3 | 1 | 5 | 4 | 2 | 8 | 9 | 7 | 6 |
| 7 | 9 | 2 | 5 | 6 | 1 | 4 | 8 | 3 |
| 8 | 4 | 6 | 3 | 9 | 7 | 5 | 2 | 1 |
| 6 | 5 | 4 | 7 | 3 | 2 | 1 | 9 | 8 |
| 9 | 8 | 1 | 6 | 4 | 5 | 2 | 3 | 7 |
| 2 | 3 | 7 | 8 | 1 | 9 | 6 | 4 | 5 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 8 | 6 | 5 | 4 | 9 | 2 | 3 | 7 |
| 9 | 4 | 7 | 3 | 1 | 2 | 5 | 8 | 6 |
| 3 | 2 | 5 | 6 | 8 | 7 | 4 | 9 | 1 |
| 6 | 1 | 3 | 4 | 5 | 8 | 7 | 2 | 9 |
| 2 | 9 | 8 | 7 | 6 | 3 | 1 | 4 | 5 |
| 5 | 7 | 4 | 9 | 2 | 1 | 3 | 6 | 8 |
| 7 | 3 | 2 | 8 | 9 | 5 | 6 | 1 | 4 |
| 4 | 5 | 9 | 1 | 3 | 6 | 8 | 7 | 2 |
| 8 | 6 | 1 | 2 | 7 | 4 | 9 | 5 | 3 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 6 | 4 | 2 | 1 | 8 | 5 | 3 | 9 |
| 9 | 5 | 1 | 7 | 3 | 4 | 6 | 2 | 8 |
| 8 | 2 | 3 | 9 | 5 | 6 | 1 | 7 | 4 |
| 6 | 8 | 2 | 3 | 7 | 1 | 4 | 9 | 5 |
| 1 | 3 | 7 | 4 | 9 | 5 | 2 | 8 | 6 |
| 4 | 9 | 5 | 8 | 6 | 2 | 7 | 1 | 3 |
| 5 | 4 | 8 | 1 | 2 | 3 | 9 | 6 | 7 |
| 2 | 7 | 6 | 5 | 8 | 9 | 3 | 4 | 1 |
| 3 | 1 | 9 | 6 | 4 | 7 | 8 | 5 | 2 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 4 | 8 | 9 | 3 | 5 | 2 | 6 | 1 |
| 6 | 2 | 5 | 1 | 4 | 7 | 9 | 3 | 8 |
| 1 | 3 | 9 | 2 | 6 | 8 | 7 | 4 | 5 |
| 2 | 6 | 7 | 5 | 9 | 3 | 8 | 1 | 4 |
| 5 | 1 | 4 | 7 | 8 | 6 | 3 | 2 | 9 |
| 9 | 8 | 3 | 4 | 2 | 1 | 6 | 5 | 7 |
| 8 | 5 | 1 | 3 | 7 | 2 | 4 | 9 | 6 |
| 3 | 9 | 6 | 8 | 5 | 4 | 1 | 7 | 2 |
| 4 | 7 | 2 | 6 | 1 | 9 | 5 | 8 | 3 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

## લઘુકથા : જેવું વાવશો તેવું લણશો

એક ગામમાં ત્રણ ચોર રહેતા હતા. એક રાત્રે તેમણે નગરના એક ધનવાનના ઘરે ચોરી કરી. ચોરેલ તમામ ધન એક થેલામાં ભરીને જંગલની તરફ જાય છે. જંગલમાં પહોંચ્યા પછી ચોરોને ભૂખ લાગે છે. જંગલમાં ખાવાની કોઈ ચીજવસ્તુઓ નહોતી. એટલે એક ચોરને ગામમાં ખાવાનું લેવા માટે મોકલે છે અને બાકીના બે ચોર ચોરેલા ધનની ચોકી કરે છે.

જે ચોર ખાવાની ચીજવસ્તુઓ લેવા નગરમાં જાય છે તેની નિયત ખરાબ હતી. તેણે પહેલા તો હોટલમાં જઈ ભરપેટ ભોજન કર્યું. ત્યારપછી તેણે પોતાના સાથીઓ માટે ભોજન બંધાવ્યું અને તે ભોજનમાં હળાહળ ઝેર ભેળવી દીધું. તેણે વિચાર્યું કે ઝેરવાળું ભોજન ખાવાથી બે મિત્રો મરી જશે એટલે તમામ ધન મને એકલાને મળશે.

આ બાજુ જંગલમાંના બે ચોરોએ વિચાર્યું કે જે ભોજન લેવા નગરમાં ગયો છે, તેને મારી નાંખીશું તો ધનના બે ભાગ પાડી આપણે અડધું અડધું વહેંચી લઈશું. ત્રણે ચોરોએ પોતપોતાની યોજના અનુસાર કાર્ય કર્યું. પહેલો ચોર ભોજન લઈને આવ્યો એટલે બાકીના બે ચોરો તેની ઉપર તૂટી પડ્યા અને તેને મારી નાખ્યો. ત્યારબાદ નિશ્ચિંત થઈને બે ચોરો ભોજન કરવા બેઠા છે. પરંતુ ભોજનમાં તો હળાહળ ઝેર ભેળવ્યું હતું. જે ખાતા જ બે ચોરો તરફડીને મરી જાય છે. આમ ત્રણેનો ખરાબ રીતે અંત થાય છે.

આના ઉપરથી એ શીખ લેવાની છે કે જે બીજાનું ખરાબ કરે છે, અંતે તેને પણ ખરાબ ફળ ભોગવવું જ પડે છે. આપણે જેવા કર્મ કરીશું તેવા ફળ આજે નહીં તો કાલે ભોગવવા જ પડશે. બીજાના વિશે આપણે જેવું વિચારીશું, સામેવાળો પણ આપણા માટે એવું જ વિચારશે. કોઈ કોઈને સુખ કે દુઃખ આપતું નથી. તમામ મનુષ્ય પોતાના કર્મ અનુસાર ફળ પામે છે.

મૃત્યુના સમયે સગા-સંબંધીઓ કોઈ જીવની સાથે જતા નથી. જીવ પોતાના સારા નરસા કર્મો, મન અને ઈન્દ્રિયોના સૂક્ષ્મરૂપ સહિત પહેલાના શરીરને છોડીને બીજા શરીરમાં જાય છે. જ્ઞાન ભક્તિ સંપન્ન કર્મ કરેલા હશે તો મુક્ત થઈ જવાશે. એટલે પરિવાર તથા સંબંધીઓના મોહમાં પડીને ક્યારેય એવા કર્મ ના કરવા જોઈએ કે જે અમોને ભવિષ્યમાં મૃત્યુ પછી દુઃખદાયી થાય. સંસારના તમામ સંબંધો અસત્ય અને કલ્પિત છે.

અનેક જન્મોની અધૂરી રહેલી આ સંસારની મિથ્યા વાસનાઓ લાંબા સમયના અભ્યાસ વિના ક્ષીણ થતી નથી અને જ્યાં સુધી વાસનાઓ છે ત્યાં સુધી કર્મ ચાલુ રહે છે. કર્મોને સમાપ્ત કરવા હોય તો વાસનાને મારવી પડે છે અને તે ભગવાનનું નામ લેવાથી જ મરે છે.

જીવન વિકાસ કરવો હોય તો સ્વતંત્ર બુદ્ધિ જોઈએ. જીવન વિકાસ માટે બુદ્ધિ બગડવી ના જોઈએ. કપાળે તિલક કરીને આપણે બુદ્ધિની પૂજા કરીએ છીએ કારણકે બુદ્ધિ બગડે તો વિચાર અને કર્મ પણ બગડે છે.

જીવ જે શરીરને સુખી રાખવા અનેક પ્રકારની કામનાઓ અને કર્મ કરે છે તથા સ્ત્રી, પુત્ર, ધન-દૌલત, ભૌતિક સંપત્તિ, સગાવહાલાનો વિસ્તાર કરીને તેના પાલન પોષણમાં લાગેલો રહે છે. ઘણી મુશ્કેલીઓ વેઠીને ધનનો સંચય કરે છે. આયુષ્ય પૂરૂં થતાં જ શરીર નષ્ટ થઈ જાય છે અને વૃક્ષની જેમ બીજા શરીરના માટે બીજ આરોપીને બીજાઓના માટે પણ દુઃખની વ્યવસ્થા કરીને જાય છે.

ઉચ્ચ વિચાર, શુભ કર્મ અને કપટ રહિત વ્યવહાર ચરિત્ર નિર્માણનો મૂળ આધાર છે અને તેની પ્રગતિના માટે સત્સંગ ખૂબ જ જરૂરી છે. કર્તાભાવનો ત્યાગ કરીને કરવામાં આવેલ કર્મ જ સાચો આનંદ આપે છે. જ્યારે વચન અને કર્મમાં અંતર આવી જાય છે ત્યારે સંકોચ આવે છે.

મનુષ્ય જે કંઈ કર્મ કરે છે તેના અંતઃકરણમાં તે કર્મના સંસ્કાર પડે છે અને તે સંસ્કારો અનુસાર તેનો સ્વભાવ બને છે. આ રીતે પહેલાના અનેક જન્મોના કરેલા કર્મોના સંસ્કાર અનુસાર મનુષ્યનો જેવો સ્વભાવ હોય છે તે અનુસાર તેનામાં સત્વગુણ, રજોગુણ અને તમોગુણ – આ ત્રણ ગુણોની વૃત્તિઓ ઉત્પન્ન થાય છે.

પ્રત્યેક કર્મનું ફળ અમારી સામે આવવાનું જ છે. દરેક સારા અને ખરાબ કર્મનું ફળ અમારે ભોગવવું જ પડશે. એટલે અમારાથી કોઈ સત્કાર્ય થાય તો પ્રભુ પરમાત્માનો ધન્યવાદ કરો કે સત્કાર્ય કરવા માટે અમોને શક્તિ આપી અમોને નિમિત્ત બનાવ્યા અને અમારાથી કોઈ ખરાબ કાર્ય થાય તો પશ્ચાતાપ કરીએ અને ભવિષ્યમાં આવી કોઈ ભૂલ ના થાય તે માટે પ્રાર્થના કરીએ. અમારો વ્યવહાર, લેવડ-દેવડ, ભાષા અને સ્વભાવ એટલા સુંદર હોવા જોઈએ કે લોકો અનુકરણ કરે. જેના હૃદયમાં પદ-પ્રતિષ્ઠા અને પૈસા મેળવવાની ઈચ્છા હોતી નથી, તો પ્રભુ પરમાત્મા પોતે પદ-પ્રતિષ્ઠા અને પૈસા આપવા તેની પાછળ ફરતા હોય છે.

***વિનોદભાઈ નિરંકારી***

***મો. ૯૭૨૬૧ ૬૬૦૭૫***

***આળસ, માદક દ્રવ્યોનું સેવન, વાતોડિયો સ્વભાવ, પરિવારની માયા, ધગશનો અભાવ, લાલચ, ચંચળતા અને અહંકાર – આ આઠ દુર્ગુણો હોય ત્યાં ક્યારેય વિદ્યા કે વિદ્યાર્થીનો વિકાસ થતો નથી.***

# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

## મુખ્ય વાસ્તવિકતાઓ

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850** + શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
- **1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રિડિટેશન
- **3300** + જોશીલા વ્યાવસાયિકો

V-TRANS®
*Driving Excellence*

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

Other Divisions: V-Xpress (Safe and Reliable • For Your Peace of Mind) | V-Logis (End-to-end Integrated Logistics)

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month


# દિવાળી વેકેશન માટે ભારતમાં પ્રવાસનું માર્ગદર્શન આપતાં પુસ્તકો

### ભારતમાં દરિયાકિનારાના પ્રવાસ

| | | |
|---|---|---|
| લક્ષદ્વીપ પ્રવાસ | સ્વામી સચ્ચિદાનંદ | 65 |
| ગોવાપ્રવાસ | સ્વામી સચ્ચિદાનંદ | 40 |
| રાષ્ટ્રીય તીર્થ આંદામાન | સ્વામી સચ્ચિદાનંદ | 125 |
| આંદામાનનો પ્રવાસ (સાધ્વી સમર્પણાદેવી તીર્થ, લાભુભાઈ લખાણીની સાથે) | સ્વામી સચ્ચિદાનંદ | 70 |

### ભારતમાં પર્વતીય પ્રવાસ


| | | |
|---|---|---|
| લેહ, લદ્દાખ, કારગિલ, કાશ્મીર | સ્વામી સચ્ચિદાનંદ | 80 |
| કૌસાની, રાણીખેત અને નૈનિતાલનો ઊડતો પ્રવાસ | સ્વામી સચ્ચિદાનંદ | 45 |
| નયનરમ્ય નૈનીતાલ | જયંતી ડી. શાહ | 70 |
| મહાબળેશ્વર | જયંતી ડી. શાહ | 60 |
| હિમાલય અને હિમાલય | રમણ સોની | 200 |
| અરવલ્લીની અસ્મિતા | ઈશ્વર પ્રજાપતિ | 160 |


### ભારતમાં ઐતિહાસિક પ્રવાસ


| | | |
|---|---|---|
| બીજાપુરથી નાંદેડ | સ્વામી સચ્ચિદાનંદ | 60 |
| હમ્પી, વેલૂર અને હળેબીડૂ પ્રવાસ | સ્વામી સચ્ચિદાનંદ | 50 |
| પૂર્વની સાત બહેનો | સ્વામી સચ્ચિદાનંદ | 110 |
| તાલિમનાડુની યાત્રા | સ્વામી સચ્ચિદાનંદ | 100 |
| સ્થાપત્ય અને શૌર્યની ભૂમિ રાજસ્થાન | સ્વામી સચ્ચિદાનંદ | 180 |
| પટના અને પન્ના | સ્વામી સચ્ચિદાનંદ | 60 |

### ભારતમાં તીર્થપ્રવાસ

| | | |
|---|---|---|
| કાશી-અયોધ્યાની યાત્રા | સ્વામી સચ્ચિદાનંદ | 100 |
| હરિદ્વારની યાત્રા | સ્વામી સચ્ચિદાનંદ | 60 |
| બોધગયામાં નેત્રશ્રાદ્ધ | સ્વામી સચ્ચિદાનંદ | 75 |
| હિમાલયનાં ચાર ધામ | સ્વામી સચ્ચિદાનંદ | 80 |
| હિમાલયના હીંડોળે | સ્વામી સચ્ચિદાનંદ | 100 |








| | | |
|---|---|---|
| અમારી અધૂરી નર્મદા પરિક્રમા | સ્વામી સચ્ચિદાનંદ | 100 |
| રામાનુજ પ્રતિમાદર્શન | સ્વામી સચ્ચિદાનંદ | 55 |
| અમરનાથયાત્રાનાં સંસ્મરણો | હરીશ ત્રિવેદી | 115 |
| કૈલાશ-માનસરોવરનો ચરણસ્પર્શ | અભેસિંહ બારડ | 200 |

### ભારતમાં અન્ય પ્રવાસ

| | | |
|---|---|---|
| ચાલો, ગુજરાતના પ્રવાસે | પ્રવીણ શાહ | 500 |
| પ્રકૃતિના પ્રહરીઓ (ઇન્દ્રોડા પાર્ક, ગાંધીનગરનો પરિચય, પુરસ્કૃત) | નટવર હેડાઉ | 180 |
| નગરયાત્રા | યશવંત મહેતા | 300 |
| દો કદમ હમ ભી ચલેં (પુરસ્કૃત) | મહેબૂબ દેસાઈ | 85 |
| પ્રવાસન : સિદ્ધાંત અને વ્યવહાર | મહેબૂબ દેસાઈ | 150 |
| સ્વાગતમ્ ગુજરાત | રજની વ્યાસ | 380 |

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660,
09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-15
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com
વેબસાઇટ : www.gspbooksmall.com


*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**